

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા, તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો,
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા, દર્શન દો, વાણી વરસાવો, નાથ! જો...

ગુરુદેવ સ્મરણમાં આવે છે. 'હમણાં અહીં ગુરુદેવ સીમંધરનાથનાં દર્શન કરવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ વ્યાખ્યાનની પાટ પર બિરાજશે ને અમૃતવાણી છૂટશે, હમણાં ગુરુદેવ આહાર લેવા પધારશે, હમણાં અહીં ગુરુદેવ એકાંતમાં બેસી નિજ સ્વાધ્યાય-મનનમાં લીન થશે' એમ સર્વત્ર ગુરુદેવના ભણકાર વાગે છે. ગુરુદેવ ભુલાતા નથી. એ પાવનમૂર્તિ નજરે તર્યા કરે છે. ગુરુદેવનાં એ સ્મરણો દ્વારા ગુરુદેવનાં પવિત્ર જીવન અને ઉપદેશને દૃષ્ટિ સમક્ષ રાખીને, આપણે તેઓશ્રીએ ચીંધેલા માર્ગે ચાલીએ, તેઓશ્રીની ગેરહાજરીમાં પણ પુરુષાર્થ વધારતા જઈએ —એ જ કર્તવ્ય છે.

*

ગુરુદેવનું દ્રવ્ય જ અલૌકિક હતું. તેમની વાણી પણ એવી અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ-ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન ભગવાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન-વચન-કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવયુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારનાં ઝેર ઉતારી નાખે; વિષય-કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

આવા વિષમ કાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમનાં દર્શન ને વાણી કેટલાં દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતનાં મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલાં વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. એમનાં પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય! આખી નગરી

ફેરી જાય ! મુંબઈનગરીમાં પંદર-પંદર વીસ-વીસ હજાર માણસોની વચ્ચે વ્યાખ્યાન આપે, બધા એકીટશે ટગર ટગર જોઈ રહે અને અદ્ભુત શાન્તિ જળવીને પ્રેમપૂર્વક ગુરુદેવની જ્ઞાનવૈરાગ્યપૂર્ણ અમૃતવાણી ઝીલે. સૌ ભલે પોતાની શક્તિ પ્રમાણે સમજે વત્તું-ઓછું, પણ સામાન્ય રીતે બધા એવી છાપ લઈને જાય કે ખરેખર આ કોઈ ધર્મપુરુષ છે.

ગુરુદેવે ભારતને ઘણું આપ્યું છે. ૪૫–૪૫ વર્ષ સુધી શ્રુતના ધોધ વરસાવ્યા છે. ભારત ઉપર તેમનો અપાર ઉપકાર છે.

*

કૃપાળુ ગુરુદેવ ભક્તોના જીવનાધાર હતા, જીવનઘડવૈયા હતા. તેઓ ચાલ્યા ગયા. હવે તેમના પરોક્ષપણામાં ભક્તોએ તેમની આજ્ઞા પ્રમાણે ચાલી, આગળ વધવાનું રાખવું. ગુરુદેવે સમજાવેલા તત્ત્વને સૂક્ષ્મપણે વિચારી, શુભાશુભ ભાવથી પણ ભેદજ્ઞાન કરી, શુદ્ધાત્માને ગ્રહણ કરવો.

કરુણાસાગર ગુરુદેવ કરુણાથી કહેતા હતા : ભાઈ ! કરવાનું તો તારે જ છે ને ? તારા ઉપાદાનને તૈયાર કરી, ગુણોનો ભંડાર જે જ્ઞાયકદેવ તેના શરણે જા. તેના શરણે જતાં તારા અનાદિ કાળના મિથ્યાત્વાદિ દોષો સહેજે ટળી જશે. દોષો ટાળવાનો એ જ એક ઉપાય છે. એક જ્ઞાયકભાવનો આશ્રય લેતાં જ એકીસાથે બધા દોષોનો યથાસંભવ આંશિક નાશ થાય છે. માટે તું ગમે તેમ કરીને જ્ઞાયકનો આશ્રય લે.

*

ગુરુદેવ પાસેથી જે સાંભળ્યું છે તે ઓગાળવું. ધ્યેય એક શુદ્ધાત્માનું જ રાખવું. તેના જ માટે વાંચન, વિચાર, મંથન કરવા જેવાં છે. શુદ્ધાત્માને ઓળખી, તેને અવલંબી, તદ્રૂપ પરિણતિ કરવાનું ગુરુદેવ કહેતા હતા. જીવ અનાદિ કાળથી શુભાશુભ ભાવ કરતો આવ્યો છે, હવે તો શુદ્ધાત્માને ગ્રહણ કર. અનંત જીવોએ તે શુદ્ધાત્માના માર્ગે ચાલી સ્વાનુભૂતિને સાધીને,

અંતર સમાધિને સાધી છે. તું પણ તે જ માર્ગે ચાલ.—આ, ગુરુદેવની શીખ હતી.

*

ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ (ભાવીના) શલાકાપુરુષ હતા. તેમને અંદરમાં ચૈતન્યચમત્કાર પ્રગટયો હતો. તેમની દિવ્ય મુખમુદ્રા ઉપર જ્ઞાન-વૈરાગ્યની નિસ્પૃહતાભરી ખુમારી દેખાતી. તેમની આંખોમાં ચૈતન્યનું તેજ ને ચમત્કૃતિ હતી. તેમનો દેદાર જોતાં જ એમ લાગે કે આ મહાપુરુષ છે.

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણી વાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો કયાંથી નીકળે છે!' ગુરુદેવના જેવી વાણી કયાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાકય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂકા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઇપમાં ઊતરીને જીવંત રહી.

કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે.

*

ભવભવ હોજો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો.

—૦—

દેહદેવાલયમાં બિરાજમાન પરમાત્માને દેખ

[શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૩-૬-૬૬]

તીર્થ-મંદિરે દેવ નહિ—એ શ્રુતકેવળી વાણ;
તન-મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨.

ખરેખર શરીર જ તીર્થ અને મંદિર છે, કેમકે આત્મા તેમાં વસે છે. બાહ્ય મંદિરમાં આત્મા વસતો નથી. પ્રતિમામાં આત્મા નથી. તેમ સાક્ષાત્ ભગવાનમાં પણ આ આત્મા નથી. આ આત્માને જોવો અને જાણવો હોય તો એ આ શરીરરૂપી તીર્થ અને મંદિરમાં જ દેખાશે. આ આત્મા કાંઈ ભગવાન પાસે નથી. પ્રશ્નઃ—ભગવાન પાસે આ આત્માનો નમૂનો તો છે ને?—કે આ આત્મા ત્યાં છે કે અહીં? આ આત્મા અહીં છે, તો તેનો નમૂનો પણ અહીં જ છે.

જુઓ, આ વાસ્તવિક તત્ત્વ! ભગવાનની પ્રતિમા છે ત્યાં ઈ કાંઈ ભાવનિક્ષેપ નથી. ઈ તો સ્થાપનાનિક્ષેપ છે. શરીરરૂપી તીર્થમાં જ ભગવાન બિરાજે છે. અમારું મંદિર....અમારું મંદિર. પણ ઐલા, મંદિરમાં તારો ભગવાન ક્યાં છે? તારો ભગવાન તો તારામાં છે. શ્રુતકેવળી આમ કહે છે કે આ દેહદેવાલયમાં ભગવાન બિરાજે છે. આમ કહીને સિદ્ધ કરે છે કે તારામાં જોવાથી તને આત્મા મળશે. મંદિરના ભગવાન સામે જોવાથી તારો આત્મા નહિ મળે. મંદિરમાં તો ભગવાન કેવા હોય, કેવા હતા તેનું પ્રતિબિંબ છે. તેનાથી પર પરમેશ્વરનું સ્મરણ થાય પણ પોતાનો આત્મા ન દેખાય. સાક્ષાત્ ભગવાન સામે જોવાથી પણ આ ભગવાન ન દેખાય.

શાસ્ત્રોના વાક્યથી જ્ઞાન થાય? અરે! ધૂળમાંય ન થાય. પર સંબંધી જ્ઞાન થાય તે પણ તારા પોતાથી થાય છે, પોતાના ઉપાદાનથી થાય, નિમિત્તથી નહિ. ભગવાન આવા હતા એમ સ્મરણ થાય એમાં પણ ઉપાદાન તો પોતાનું જ છે. આટલી વાત અહીં સિદ્ધ કરવી છે.

ભગવાન નથી ગૂફામાં, નથી પર્વત-નદીમાં, નથી મંદિરમાં, કયાંય બહારમાં ભગવાન નથી તો મંદિરને વાસ્તવિક મંદિર કેવી રીતે કહેવાય? વાસ્તવિક મંદિર તો દેહમંદિર છે જેમાં ખરેખર પોતાનો ભગવાન બિરાજે છે. જિનપ્રતિમા તો શુભમાં-નિમિત્ત તરીકે ભગવાન કેવા હતા તેમ તેનાથી સ્મરણ થાય પણ ત્યાં ભગવાન કયાં હતા? સમ્યગ્દર્શન-જ્ઞાન તો અંતર દૃષ્ટિ કરશે ત્યારે થશે, એ વાત પછી લેશે. અહીં તો એટલી વાત છે કે અનંતકાળમાં જેટલા આત્મા મોક્ષ પામ્યા કે સમ્યગ્દર્શન પામ્યા

તે અને વર્તમાનમાં પણ જેટલા પામે છે અને ભવિષ્યમાં પણ જેટલા પામશે તે બધા અંતરદૃષ્ટિથી જ થયા છે, થાય છે ને થશે. આત્માનું સ્મરણ તો ત્યારે થાય કે પહેલાં તેનો અવગ્રહ, ઈહા, અવાય ને ધારણા થાય. પહેલાં વિચાર તો આવે. સમ્મેદશિખર ને શત્રુંજય બધા તીર્થક્ષેત્ર અને સિદ્ધક્ષેત્ર તો ભગવાન કેવા હતાં તેના સ્મરણમાં નિમિત્ત થાય છે, આત્માના સ્મરણમાં નહિ. તો પછી મંદિર શું કામ કરાવે છે? ઈ તો ભગવાનના સ્મરણ માટે છે.

આ આત્મા અનંત જ્ઞાન-દર્શન સંપન્ન છે. જેટલા મોક્ષ પામ્યા છે તે અંતરથી પામ્યા છે. વર્તમાનમાં પામે છે તે પણ અંદર જોવાથી અને હવે પામશે એ પણ અંતરમાં જોવાથી પામશે. પહેલાં બહાર જોવાથી મોક્ષ પામ્યા અને હવે પામશે એ અંતર જોવાથી પામશે એમ નથી. આત્માની વિચારધાર-અવગ્રહ કયારે પ્રગટે? અંતરમાં જુએ ત્યારે પ્રગટે ને? આત્માની પ્રાપ્તિ તો આત્મા સામે જોવાથી થાય કે પર સામે જોવાથી થાય? ભાઈ! ઈ તો અંતરમાં દેખવાથી જ જણાય એવો છે. માટે જ આ દેહ જ દેવાલય છે, જ્યાં જોવાથી આત્મા પ્રગટ થાય. બીજા દેવળમાં જોવાથી આત્મા ન પ્રગટ થાય.

ભગવાન કેવા હતા તેના સ્મરણનું માત્ર નિમિત્ત મંદિરો છે અથવા તો જ્યાંથી ભગવાન નિર્વાણ પામે ત્યાં મંદિર હોય પણ તેનાથી કાંઈ આત્મા પ્રગટ થઈ જાય!? એ તો એક શુભભાવ હોય ત્યારે સ્મૃતિમાં આવે પણ એ સ્મૃતિને પાછી વાળવી છે અંતરમાં. બહાર જોયે આત્મપ્રાપ્તિ થઈ હોય એવું ભૂતકાળમાં બન્યું નથી, વર્તમાનમાં બનતું નથી અને ભવિષ્યમાં બનવાનું નથી.

હવે કહે છે કે દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી પરોક્ષ વ્યવહાર દેવ છે. ભગવાનની પ્રતિમા છે જ નહિ એમ માને તોપણ મૂઢ છે અને તેનાથી આત્માની પ્રાપ્તિ થાય એમ માનનાર પણ મૂઢ છે, જ્યારે અંતરમાં ટકી ન શકે ત્યારે ભગવાનની પૂજા-ભક્તિના શુભભાવરૂપ વ્યવહાર હોય જ.

તન-મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩.

કેવળજ્ઞાનની સ્તુતિ કેમ થાય? એમ કુંદકુંદાચાર્ય પાસે પ્રશ્ન થયો ત્યારે આચાર્યદેવે કહ્યું અંતરમાં બેઠલાં ભગવાનને અતીન્દ્રિય જ્ઞાન વડે જાણે અને અનુભવે ત્યારે કેવળજ્ઞાનની સાચી સ્તુતિ થાય.

અજ્ઞાની મંદિરમાં દેવ પાસે જઈને ભગવાન પાસે શિવપદ માગે છે પણ એલા તારું શિવપદ ત્યાં છે કે તારી પાસે છે? જ્ઞાની તો જાણે છે કે મારું શિવપદ મારી પાસે છે પણ તેને વ્યવહારમાં એવા ભક્તિના ભાવ આવે છે. વ્યવહાર નથી એમ નથી; વ્યવહાર છે પણ તે વ્યવહારથી નિશ્ચય થશે એમ નથી.

અરે! મને હાંસી આવે છે કે મોટો રાજા થઈને ઘેર ઘેર ભીખ માગે તેમ પોતે ચૈતન્યરાજા અને મંદિરમાં ભગવાન પાસે આત્માની ભીખ માગે છે! આ તો યોગસાર છે ને! યોગ નામ જોડાણ. પોતામાં એકાકાર થઈ જોડાય તેનું નામ યોગસાર.

શુભભાવમાં જ્ઞાની હોય ત્યારે એમ પણ કહે કે–શ્રીમદ્નું વાકય છે ને કે–'ભજીને ભગવંત ભવંત લહો!' ભગવાનનું ભજન કર્યે ભવનો અંત આવશે. પણ ભગવાનનું સાચું ભજન કયારે કહેવાય? કે જ્યારે પોતાનું ભજન કરે. અને પોતાનું ભજન કરે તો ભવનો અંત આવે જ. પોતાના ભગવાનને ઓળખે ત્યારે જ ભગવાનને ઓળખે અને ભજે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એમાં ઠરી જા!

ઘરમાં લક્ષ્મી છે અને બહારમાં ભીખ માંગવા જાય, તેમ ચૈતન્યલક્ષ્મી પોતાની પાસે છે અને ભગવાન પાસે માગે છે. તો ભગવાન કહે છે કે તારી લક્ષ્મી તારી પાસે છે. તારી લક્ષ્મી મારી પાસે નથી.

અંતરના ચારિત્ર વિના બાહ્ય ચારિત્ર રેતીમાંથી તેલ કાઢવા બરાબર છે. પોતાના સ્વરૂપના ભાન અને રમણતા વગર બહારનું ચારિત્ર મિથ્યા છે, જૂઠું છે. જેણે ખરેખર તો આત્મદેવને અંતરમાં જોઈ લીધો તેને બહારની ક્રિયામાં મોહ રહેતો નથી. પરમાર્થથી બાહ્ય જીવો મોક્ષમાર્ગને સમજતા જ નથી અને પુણ્યને જ નિર્વાણનો માર્ગ માની લે છે. પર તરફના લક્ષથી—દયા-દાન-વ્રત-ભક્તિથી કદી પણ મોક્ષ થતો નથી. વ્યવહારથી નિશ્ચય પમાતો નથી એમ સિદ્ધ કરવું છે.

હવે સમભાવરૂપ ચિત્તથી પોતાના જિનદેવને દેખો એમ કહે છેઃ—

નથી દેવ મંદિર વિશે, દેવ ન મૂર્તિ, ચિત્ર;
તન-મંદિરમાં. દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪.

પરદેવાલયમાં દેખવાથી તો શુભરાગ થાય છે પણ સ્વદેવાલયમાં દેખવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. શુભરાગથી ચૈતન્યમૂર્તિ દેખાતી નથી. ચૈતન્યમૂર્તિનું અવલોકન તો અરાગી નિર્વિકારી ભાવથી થાય છે. કારણ કે એ ચૈતન્યમૂર્તિમાં રાગનો અભાવ છે. નિજ આત્મપ્રભુને જોવામાં સમભાવ જોઈએ.

હે મૂર્ખ! દેવ કોઈ બીજા મંદિરમાં નથી કે નથી પાષાણમાં કે નથી શિલ્પમાં, જિનદેવ તો શરીરરૂપી દેવાલયમાં બિરાજે છે. આત્મા જ પોતાના વીતરાગી સ્વભાવનો ઇશ્વર હોવાથી જિનેન્દ્ર છે. એહદ શાંતસ્વરૂપ નિરાકૂળ છે. સ્વભાવમાં જિનેન્દ્રપણું ન હોય તો પર્યાયમાં જિનેન્દ્રપણું કયાંથી આવશે? માટે નક્કી થાય છે કે પોતાનો આત્મા જ સ્વભાવથી જિનેન્દ્ર છે. જિન અને જિનેન્દ્રમાં કાંઈ ફેર નથી. સમભાવથી એટલે કે પર તરફના રાગના વલણને રોકી સ્વ તરફનું વલણ કરવાથી સ્વાત્મા શ્રદ્ધાય છે, દેખાય છે. યોગીન્દ્રદેવ જંગલમાં વસતા હતા, તેણે આ રહસ્ય કહ્યું છે. એ રહસ્યનો ધરનાર

તું છો, પણ જીવ ઓશીયાળો–પામર એવો થઈ ગયો છે કે મને ઘર, બાર, બૈરા, છોકરાં આદિ પર વગર ન ચાલે!

તીર્થ-મંદિરે દેવ જિન, લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ. ૪૫.

જ્ઞાની શરીરમંદિરમાં આત્માને દેખે છે. પહેલાં નહોતો દેખતો તેની વાત હતી, હવે દેખે છે તેની વાત કહે છે.

અજ્ઞાની જીવ તો ભગવાનના સ્થાપનાનિક્ષેપમાં જ આત્મા માની લે છે. સ્થાપના નિક્ષેપમાં જ ભાવ ભગવાન માની લે તે તો ભ્રમ છે જ, તેમાં આત્મા માનવો એ મોટી ભૂલ છે. અજ્ઞાની ત્યાં આત્માને જોવા જાય છે પણ આત્મા મળતો નથી.

જ્યાં સુધી પોતાના સ્વરૂપમાં પૂર્ણ ન ઠરે ત્યાં સુધી ભગવાનના દર્શનનો ભાવ આવે જ. ન આવે એમ નહિ, પણ ત્યાં આત્માના દર્શન ન થાય. જે કોઈ દેહદેવાલયમાં ભગવાન આત્માને દેખે છે, દર્શન કરે છે તે જ્ઞાની છે. દેવળમાં બિરાજતાં ભગવાન મારા ઉપકારી છે માટે પૂજવા લાયક છે એમ માને એમાં દોષ નથી. જ્ઞાની એમ માનીને જ ભગવાનને ભજે છે.

એક વાત એવી છે ને કે એક જણે બીજાને રૂા. ૧૦૦ આપ્યા હશે. તેના છોકરાએ પેલાના છોકરાને કહ્યું કે મારા બાપે તારા બાપને ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા છે તે લાવ. સામાએ કહ્યું કે હું ચોપડામાં જોઈશ. ચોપડામાં જોયું તો રૂા. ૧૦૦ નીકળતા હતા પણ રૂા. ૧૦૦ કબૂલવા જઈશ તો વધારે ચોંટશે એટલે બે મીંડા જ ઉડાવી દીધાં કે મારા બાપે લીધાં જ નથી. આણે બે મીંડા કાઢી નાખ્યા અને પેલાએ બે મીંડા ચડાવ્યા'તા. એમ મૂર્તિ હોય પણ સાદી હોય, આંગી ન હોય. તોય શ્વેતાંબરોએ ચડાવી દીધી ત્યારે સ્થાનકવાસીએ મૂર્તિ જ ઉડાડી દીધી. બેય ખોટા છે.

દેવળમાં જ દેવ છે, દેહદેવળમાં નહિ એમ બધા માને છે, પણ દેવળમાં તો ભગવાનની મૂર્તિ છે પણ સાક્ષાત્ દેવ તો દેહદેવળમાં બિરાજે છે એમ કોઈ જોતું નથી ને માનતું નથી.

સમ્યગ્દૃષ્ટિ સદાય જાણે છે અને માને છે કે જ્યારે હું અંતરદૃષ્ટિ કરું છું ત્યારે મને મારો આત્મા જ પરમાત્મા જણાય છે અને ઈ આત્મદર્શન જ નિર્વાણનું કારણ છે.

દાખલો દે છે કે જેમ સિંહની મૂર્તિને જોઈને મને ખાઈ જશે એમ માને તે મૂઢ છે. તેમ ભગવાનની મૂર્તિ મને સંસારસમુદ્રથી તારી દેશે એમ માને તે મૂઢ છે. જ્ઞાની જાણે છે કે સિંહનો આકાર, ભય દેખાડવા માત્ર આ મૂર્તિ છે, તે સિંહનું જ્ઞાન કરવામાં નિમિત્તમાત્ર છે, સાક્ષાત્ સિંહ નથી. તેમ ભગવાનની પ્રતિમા ભગવાન કેવા હતા

તેનું સ્વરૂપ દેખાડવામાં નિમિત્ત છે. ભગવાનનું તે સ્મરણ કરાવે છે માટે મૂર્તિને મૂર્તિ માનવી, પરમાત્મા ન માનવા તે યથાર્થ જ્ઞાન છે. અંદર બિરાજે છે તે પરમાત્મા છે. આ યોગસાર કોઈ દિ' વંચાણું નથી. પહેલીવાર વંચાય છે. વ્યવહાર બરોબર અસત્યાર્થ છે. તે વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ બતાવતો નથી. દાખલા તરીકે નારકી, મનુષ્ય, પશુ, દેવ આદિ છે તે આત્મા છે એમ વ્યવહારથી કહેવાય પણ બરોબર નિશ્ચયથી તે આત્મા નથી. તે શરીરમાં રહેલો જ્ઞાનમય છે તે આત્મા છે. માટે જ્ઞાની પોતાને માનવ નથી માનતાં; પોતે તો સાક્ષાત્ ભગવાન છે તેમ માને છે.

સર્વજ્ઞ પરમાત્મા વ્યવહારને અસત્યાર્થ અને નિશ્ચયને સત્યાર્થ કહે છે. સર્વ સંસારી જીવ ભૂતાર્થ—નિશ્ચય જ્ઞાનથી બહુ દૂર છે. મોટો ભાગ તો વ્યવહાર અને નિમિત્તને વળગ્યો છે. વ્યવહારથી નિશ્ચય પમાશે એટલે કે અસત્યથી સત્ય પમાશે એમ માનીને વળગ્યો છે. ભૂતાર્થ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુને જોનારા બહુ થોડા છે. નિશ્ચય સમજ્યા વિના વ્યવહારને માનનારા કયારેય સત્ય પામી શકતા નથી.

(ક્રમશઃ)

* પરમાનંદરૂપ આત્મધામમાં આવ *

અરે ભાઈ! તું કયાં રોકાઈ ગયો? બહારમાં ને બહારમાં રોકાઈ ગયો ત્યાં આત્મપ્રાપ્તિ કયાંથી થાય? જેમ ઘરમાં આનંદનો પ્રસંગ હોય ને કોઈ માણસ સાંજ સુધી ઘરે ન આવે તો વડીલો કહે કે અરે ભાઈ! તું આખો દિવસ કયાં રોકાઈ ગયો? તેમ શ્રીગુરુ કહે છે કે અરે ભાઈ! આ પરમાનંદના ધામરૂપ આત્મામાં તું આવ્યો નહીં ને બહારમાં ને બહારમાં કયાં રોકાઈ ગયો? કેટલાક તો સંસારના પાપના કામોમાં રોકાઈ રહે છે ને ત્યાંથી નીકળે તો શુભરાગના કામમાં બહારમાં ને બહારમાં રોકાઈને પોતાના ભગવાનને ભૂલી જાય છે. પોતાની અંદર પરમાત્મા બિરાજે છે ત્યાં આવતો નથી તેને શ્રીગુરુ ઓળંભો આપી કરુણાથી અંદર બોલાવે છે. —પૂજ્ય ગુરુદેવ

અમૂલ્ય માનવભવ પામીને

* આત્મશાંતિ પામો *

[ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૭-૩-૬૬]

પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટોપદેશ છે. ઈષ્ટોપદેશ એટલે કે આત્માને હિતકર ઉપદેશ. એમાં એમ કહે છે કે પોતાનું શુદ્ધસ્વરૂપ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર તેનું રક્ષણ નથી કરતા તે આ અમૂલ્ય મા વ ભવને ધનાદિ કમાવાની-રાખવાની ચિંતામાં વેડફી નાખે છે. પોતાનો અનાદિનિધન શુદ્ધસ્વભાવ છે તેની તો રક્ષા કરતો નથી કે જે કારણે સંસારનો નાશ થાય. હું પોતે જ આનંદકંદ છું, મારા પિતા મારો આત્મા, મારો આત્મા એ જ મારો પુત્ર-એવી જેની દૃષ્ટિ નથી અને બહારના ધન, સ્ત્રી, પુત્ર આદિ ઉપાર્જનમાં જેની દૃષ્ટિ છે, તે દુઃખી છે. આત્માના જ્ઞાન ઉપાર્જનમાં શાંતિ છે પણ ચોવીસે કલાક ધનાદિના મમત્વમાં જ ઘેરાઈ ગયો છે. આત્મા પૂરણ આનંદથી ભરેલો છે. સિદ્ધસમાન કેવળજ્ઞાન ને આનંદરૂપી લક્ષ્મીથી ભરેલો છે, તેની રક્ષા કરવાની એટલે કે શ્રદ્ધા જ્ઞાન કરવાની દરકાર નથી ને બહારની લક્ષ્મી આદિ ઉપાર્જન કરવામાં ને તેની રક્ષા કરવામાં દુઃખ છે છતાં તેમાં કાળ વ્યતીત કરે છે.

પ્રશ્ન:—કોઈ કહે કે અમે પૈસા આદિ ઉપાર્જન કરીયે તો પાછળ દયા, દાનમાં કામ આવે ને? તો તે લક્ષ્મી આદિને તમે નિંદાને યોગ્ય કેમ કહો છો? અમે પુણ્યથી ઉપાર્જન કરીયે છીયે અને પછી પાત્રોને દાન દઈએ. પૂજાદિનું કાર્ય કે જે પુણ્યનું કારણ છે તે ધન વિના તો થઈ શકતું નથી, તો તે પુણ્યનું કારણ ધન નિંદ્ય કેમ છે?

સમાધાન:—લક્ષ્મી ઉપાર્જન કરવાનો ભાવ તે જ પાપ છે. તે તો કાદવ લગાડીને સ્નાન કરવા જેવું છે. પહેલાં કિચડ લગાડવાથી શું? તેથી તે વાત ન્યાયની વાત નથી કે પાપનું બંધન કર્યા પછી પુણ્ય કરવું. વળી ધનાદિ દાનાદિમાં ખર્ચવામાં રાગની તારી મંદતા હોય તો ઠીક, પણ જો માન માટે કે દુનિયાની આબરુ માટે ખર્ચે તો ઉપાર્જનમાં તો પાપ પણ ખર્ચવામાં પણ પાપ! માટે પહેલેથી પાપથી લક્ષ્મી ઉપાર્જન જ કરવી નહીં. લક્ષ્મી આદિ એટલે સ્ત્રી, પુત્ર વિગેરે બહારની ચીજ ઉત્પન્ન કરવી, તેની રક્ષા કરવી ને તેનાથી મને ધર્મનું સાધન થશે-તે તારી માન્યતા જ મૂઢ છે. પોતાના ધર્મનું સાધન તો પોતામાંથી જ ઉત્પન્ન થાય છે.

પોતાના સ્વરૂપની રક્ષા કર્યા વિના પરની રક્ષા કરવામાં કાળ જાય છે, તે તો વ્યાધિ—તાવમાં ઘી આવું ને વ્યાધિનું જોર વધારવું તેવી વાત છે. માટે લક્ષ્મી આદિ ઉપાર્જન કરવાનો ભાવ છોડવો અને પોતાના આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા એ જ કરવા લાયક છે.

પ્રશ્ન:—શિષ્ય ગુરુને પૂછે છે કે પ્રભુ! આ મહામુશ્કેલીથી ઉત્પન્ન કરેલ લક્ષ્મી, પુત્ર, સ્ત્રી, કુટુંબ, આબરુ આ ભવમાં દુઃખ દેવાવાળા છે ને પરભવમાં પણ દુઃખ દેવાવાળા છે, તો પછી તેવી સંપત્તિને લોકો છોડી કેમ દેતાં નથી? તેની મમતા છોડીને આત્માની સમતા કેમ કરતા નથી?

દેખે વિપત્તિ અન્યની, નિજની દેખે નાહિ,
બળતાં પશુઓ વન વિષે, દેખે તરુ પર જાઈ. ૧૪.

સમાધાન:—જેમ જંગલમાં અનેક હરણો દાવાનળથી બળી રહ્યા છે. તેવી રીતે જંગલની મધ્યમાં ઝાડ ઉપર બેઠેલા પુરુષની માફક સંસારી પ્રાણી બીજા ઉપર આવેલી મુશ્કેલીઓ ઉપરથી પોતાના માટે ખ્યાલ કરતો નથી. જેમ હરણો બળે છે તેમાં મારે શું? પણ તું જે વૃક્ષ પર બેઠો છે ત્યાં હમણાં અગ્નિ આવશે ને સળગી જઈશ તેને તો તે દેખતો નથી. આખું જંગલ સળગે છે ને તેમાં તો તું પડ્યો છે! તેમ આત્માના આનંદના ભાન વિના સંયોગની વચ્ચે પડ્યો છે, તો સંયોગ ચાલ્યા જશે ને વિયોગ આવી પડશે. કારણ કે તે તો અનિત્ય છે. પણ તેનો તે વિચાર કરતો નથી. બીજાની લક્ષ્મી ગઈ, તેનો પુત્ર મરી ગયો તેના શરીરમાં રોગ આવ્યો. તેમાં મારે શું? પણ ભાઈ! તારે પણ આવશે! કારણ કે આ તો જડ–માટી ધૂળ છે, તે કાંઈ આત્મા નથી.

સમ્યગ્દૃષ્ટિને પણ થોડો રાગ હોય છે પણ તેમાં પરિમિત–મર્યાદિત દોષ છે, કારણ કે તેને તો હું આત્મા આનંદમય છું તેવી દૃષ્ટિ છે, તેથી લક્ષ્મી આદિનો રાગ આવે છે તોપણ તે લક્ષ્મી આદિના કારણે રાગ આવતો નથી અને રાગમાં સુખબુદ્ધિ નથી.

છ ખંડનું રાજ હોવા છતાં ભરત ઘરમેં વૈરાગી એમ આવે છે ને! છ ખંડનું રાજ ને ૯૬ હજાર સ્ત્રી આદિ હોવા છતાં અંદરમાં ઉદાસ, ઉદાસ; હું તો આત્મા આનંદમય છું, મારો આનંદ પરમાં નથી. અને આસક્તિનો રાગી જરા આવે છે તેને ઝેર માને છે, દુઃખ માને છે. મારો આનંદ મારી પાસે છે—તેમ સમકિતિ ગૃહસ્થાશ્રમમાં માને છે, સ્ત્રી પુત્રાદિમાં આનંદ માનતો નથી. સમકીતિની દૃષ્ટિ પોતાના આત્માના આનંદ ઉપર છે. મિથ્યાદૃષ્ટિ પરમાં આનંદ માને છે અને બીજાનું દુઃખ દેખી પોતાને પણ દુઃખ આવશે તેવું જોતો નથી. તેને લક્ષ્મી આદિમાં એટલી આસક્તિ ને ગૃદ્ધી હોય છે કે તેનો વિવેક નાશ થઈ ગયો હોય છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુઃખ છે અને તેનું ફળ સંયોગ પણ દુઃખરૂપ છે. તેથી જે દુઃખરૂપ છે તેને તે સુખરૂપ માને છે કેમ કે તેનો વિવેક નાશ થઈ ગયેલો છે.

અજ્ઞાની એ ખ્યાલ નથી કરતો કે જેમ બીજાઓ વિપત્તિઓનો શિકાર–ભોગ બને છે, તેવી રીતે હું પણ વિપત્તિઓનો શિકાર બની પણ જાઉં! પ્રતિકૂળતા આવી

પણ જાય ! કારણ કે બહારની ચીજ પુણ્યના કારણે આવે છે ને પાપના કારણે ચાલી જાય છે, તેમાં પુરુષાર્થ કાંઈ કામ કરતો નથી. અહીં તો કહે છે કે પુણ્યને કારણે મળેલી અનુકૂળતામાં સુખબુદ્ધિ છોડી દેવી અને પાપના કારણે મળેલી પ્રતિકૂળતામાં દુઃખબુદ્ધિ છોડી દેવી, ને આત્મા આનંદકંદ છે તેમાં દૃષ્ટિ લગાવવી તે માટે આ ઇષ્ટ ઉપદેશ છે.

" ચૈતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો. "—એમ બનારસીદાસ સમયસાર નાટકમાં કહે છે. પુણ્ય-પાપનો ભાવ પણ દુઃખરૂપ છે તેની દૃષ્ટિ છોડવી. વળી બહારની સંપત્તિ ખરેખર કયારે છૂટી કહેવાય ? કે પોતાના સ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનમાં તેની તુચ્છતા જણાય, તેમાં કયાંય સુખ છે નહીં તેમ તુચ્છતા જણાતાં તેની મમતા ચાલી જાય ને સ્વરૂપની સમતા આવે ત્યારે તેને છોડી કહેવામાં આવે છે. મમતા છોડ્યા વિના છોડ્યું શું કહેવાય ? બાકી બહારમાં તો કર્મના ઉદયને કારણે ઘણીવાર સંપત્તિ છૂટી છે.

અજ્ઞાની સંયોગમાં સુખ-દુઃખ માને છે પણ સંયોગ તો ચડતી-પડતી છાયા-તડકાની જેમ તેની મુદતથી આવે છે ને તેની મુદતે ચાલી જાય છે. તારી ચીજમાં તે ચીજ કયાં છે કે તું તેની રક્ષા કરી શકે ને રાખી શકે ? હું તો સુરક્ષીત છું. મારી સંપત્તિ સાથે વિપત્તિનો સંબંધ નથી એમ સંયોગમાં સુખ માનનારાને સ્વભાવમાં સુખ છે તેની ખબર નથી માટે તે મૂઢ છે, દુઃખી છે અને સંયોગના વિયોગમાં દુઃખ માનનાર પણ મૂઢ છે. પરમાં સુખ દુઃખ કયાં છે ? દુઃખ તો પોતાના આત્માની દૃષ્ટિ છોડીને પરમાં સુખ-દુઃખની માન્યતા કરવી એ મિથ્યાત્વભાવ દુઃખ છે.

હવે ફરી પાછું શિષ્ય પૂછે છે કે હે પ્રભુ ! કયા કારણે લોકોને નીકટની વિપત્તિઓ જોવામાં આવતી નથી ? આ સંયોગ છે, તેનો વિયોગ થઈ જશે તેમ કેમ નથી જોતા ?

સમાધાનઃ—આચાર્ય મહારાજ જવાબ આપે છે કે લોભના કારણે. લક્ષ્મી આદિની ગૃદ્ધિ અને આત્માની રુચિ ન હોવાથી અજ્ઞાનીઓ નીકટની વિપત્તિઓ દેખી શકતા નથી.

આયુ-ક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ,
પ્રાણોથી પણ લક્ષ્મીને, ઇચ્છે ધની અધિકાન. ૧૫.

ભાઈ ! મનુષ્ય દેહનો આ એક એક સમય ચાલ્યો જાય છે. જેટલું આયુષ્ય નક્કી છે તેટલું જ રહશે, તે એક સમયમાત્ર પણ વધશે નહીં. પણ મૂઢ માને છે કે મારો ક્ષય ભલે થાય પણ લક્ષ્મી કુટંબ આદિ તો વૃદ્ધિ પામે છે ને ! શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષે પદ બનાવ્યું છે કે—

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો."

કહે છે કે અરે આત્મા! તારી લક્ષ્મી, અધિકાર કે કુટુંબ વધવાથી શું વધ્યું? તેથી તો સંસાર વધ્યો કે જેથી આ નર દેહને હારી જવાપણું થયું. પણ અજ્ઞાની કહે છે કે મારો કાળ ભલે ક્ષય થયો પણ આ તો વધે છે ને! પણ ભાઈ! બહારમાં તું હોંસ શાની કરે છે? તે તો પર પદાર્થ છે. તેના વધવાથી સુખ માને છો પણ એ તો દુઃખ વધવાના રસ્તામાં તું સુખ માને છો, તે તારી મૂઢતા છે. વિવેક હીનતા છે. જેટલું આયુષ્ય લઈને આવ્યો છે તે આયુષ્ય ઘટતું જાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ તેના ઉપર નથી, તેને તેના આયુષ્ય કરતાં પણ લક્ષ્મી આદિ વધુ પ્રિય છે. જેને આત્માની નીરોગતા ને ચૈતન્યનો વિવેક નથી તેને બાહ્યની ચીજમાં એટલો પ્રેમ છે કે પાણીના રેલાની માફક આયુષ્ય ચાલ્યું જાય તોપણ તેને તેની દરકાર નથી. અહીં વાત એમ કહેવામાં આવે છે કે આ અમૂલ્ય માનવભવ મળ્યો તેમાં આત્મા આનંદઘન શુદ્ધ ચૈતન્ય છે તેનો અનુભવ કરવો, આત્માની શાંતિનું વેદન કરવું, આત્માની શ્રદ્ધા કરવી એ જ કરવા લાયક છે, પણ તે તું કરતો નથી ને બહારની વૃદ્ધિમાં જ તારી દૃષ્ટિ છે; તો તૃષ્ણામાં જ મરીને રાંકની માફક રોઈશ, ને પછી પસ્તાઈશ! તારા આત્માની દરકાર કર ભાઈ! બહારમાં તો જે થવાનું તે થવાનું, આનંદકંદ આત્મા પર દૃષ્ટિ દેવાથી જે શાંતિ મળશે તેવી બીજે ત્રણકાળમાં મળે તેવી નથી. પણ તેની તને કિંમત નથી ને બહારની તને કિંમત! તારો વિવેક ભ્રષ્ટ થઈ ગયો છે—નાશ થઈ ગયો છે. ધનપતિઓને જીવનની અપેક્ષાએ ધન વધારે મહત્વનું લાગે છે.

લક્ષ્મી, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિકને ધિક્કાર છે કે જેની મમતાના કારણે પોતાનું આયુષ્ય ચાલ્યું જાય છે! તેથી પરની મમતામાં જે ખોવાઈ ગયો છે તેને સ્વભાવની દૃષ્ટિ કરાવવા, પરની દૃષ્ટિ છોડાવવા કરુણાથી કહે છે કે પરનું જે થવાનું હશે તે થશે, હું પરનું શું કરી શકું? મારો આત્મા શુદ્ધ આનંદઘન છે તેમ તેની દૃષ્ટિ કરવામાં ને તેમાં સ્થિર રહેવામાં તારો સ્વતંત્ર પુરુષાર્થ છે, તેમાં કોઈની જરૂર નથી અને એ જ કરવા યોગ્ય છે એમ અહીં ઈષ્ટ-ઉપદેશ દેવામાં આવ્યો છે. (ક્રમશઃ)

卐 આત્માર્થીઓને આરાધ્ય ભાવના 卐

[શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૩-૯-૬૧]

પદ્મનંદિ પંચવિંશતિનો આ છઠ્ઠો અધિકાર શ્રાવકના અનુષ્ઠાન અથવા શ્રાવકના આચરણનો આ અધિકાર છે. તેમાં હવે આચાર્યવર બાર ભાવનાનું સ્વરૂપ બતાવે છે. ગૃહસ્થાશ્રમમાં જીવે વારંવાર બાર ભાવના ભાવવી જોઈએ. તીર્થંકર ભગવાન પણ જ્યારે હજુ ગૃહસ્થાશ્રમમાં હોય, ચારિત્રના પુરુષાર્થની નબળાઈને લીધે મુનિ ન થયા હોય ત્યાર પહેલાં ભલે ૯૬૦૦૦ રાણીઓના સંગમાં હોય, હજારો દેવો સેવા કરતાં હોય તોપણ તે આત્માની નિત્યતાની ભાન-ભૂમિકામાં હંમેશા આ બાર ભાવનાઓ ભાવે છે.

ધર્મીજીવે વારંવાર ભાવના ભાવવી જેથી પાપથી પાછા હઠી ચારિત્ર તરફ પુરુષાર્થ રહે. અધ્રુવ આદિ બાર ભાવના આ પ્રમાણે છે.

અધ્રુવ ભાવના :—દરેક પ્રાણીઓને પોતાનું કે સ્ત્રી-કુટુંબ પરિવારનું શરીર, વૈભવો બધું વિનાશિક, ક્ષણભંગુર, અધ્રુવ છે. એમાં તું છોકરાનું પોષણ કરવા જા છો તે શું તારાથી થાય છે? એ તો ખાલી પાપના ભાવ છે. એમાં આ અધ્રુવ ભાવના ભાવે તો પાપભાવથી પાછો વળે. તત્ત્વાર્થસારમાં કહ્યું છે કે બાળક જન્મે અને માતા ગોદમાં લે તે પહેલાં જ અનિત્યની ગોદમાં બાળકનું શરીર આવી જાય છે, માતા તો પછી ગોદમાં લે છે. માટે જીવે ખ્યાલ રાખવો, વિનાશિક વસ્તુનો નાશ થતાં શોક ન કરવો. પરમાત્મ-પ્રકાશમાં તો યોગીન્દુમુનિરાજ કહે છે કે ભગવાનના અબજોના મંદિરો બનાવ્યા હોય, રતનની પ્રતિમા કરાવી હોય પણ એના નાશના કાળે ઈ ખાખ થઈ જશે. એને તું રોકી નહિ શકે. માટે આવા પ્રસંગે ધર્મી જીવે અધ્રુવ ભાવના વિચારી—ભાવના ભાવી શોક ન કરવો શાંતિ રાખવી.

અશરણ ભાવના :—અરે! જે મૃગના બચ્ચાનું શરીર વાઘે પ્રબળ રીતે પકડ્યું હોય તે મૃગના બચ્ચાને ઘોર વનમાં બચાવવા કોઈ સમર્થ નથી. તેમ સંસારમાં જીવને આપત્તિ આવ્યે જગતમાં ઇન્દ્ર-નરેન્દ્ર કોઈ બચાવવા સમર્થ નથી. માટે પાપના ભાવ કરતાં પહેલાં જરા વિચાર કર! સ્વપ્નાની સુખડીએ ભૂખ ભાંગે નહિ. ઊંઘમાં સુખડીના થાળ ખાધા અને જ્યાં ઊંઘ ઉડી ત્યાં પેટ તો ખાલી! એમ ભાઈ! સંસારના સુખો તને સુખરૂપ લાગે છે પણ સુખ નથી માટે તું તેના પર વિચાર કર. તારું શરણ તો મંગળસ્વરૂપ નિજ આત્મા જ છે.

સંસાર ભાવના :—ધર્મી જીવ ગૃહસ્થાશ્રામમાં આ ભાવના ભાવે છે. ભગવાનને

જ્યારે વૈરાય થાય ત્યારે હજારો સ્ત્રીઓ ઝંટિયા તાણે રોવે ત્યારે ભગવાન કહે છે કે અમે તમારા માટે સંસારમાં નહોતા રહ્યા પણ અમે અમારા રાગ ખાતર સંસારમાં પડયા હતા. હવે અમારો રાગ તૂટયો છે તમારા ઝંટિયા હવે કોઈ સાંભળે તેમ નથી. ચારિત્ર વિના મોક્ષ નથી એ અમને નક્કી ખબર છે. માટે હવે અમે ચારિત્ર ગ્રહણ કરીશું. હે જીવ! તું સંસારમાં સુખ માને છે એ સુખ નથી. વિષ્ટામાં મોઢું નાખી વિષ્ટા ચાંટી રહ્યો છો ભાઈ! જેને ઘરે પદ્મણી જેવી ચતુર ડાહી સ્ત્રીઓ છે છતાં તમે અમારી સ્ત્રીઓ નથી હો! તમારામાં સુખ નથી. વિષય વાસનામાં પણ અમને કદી સુખ ભાસ્યું નથી. વિકલ્પમાત્ર મહા દુઃખ છે.—એમ ધર્મી માને છે. આ જીવને આંખમાં અંધાપો થઈ ગયો જેથી જોવાનું છે તે જોતો નથી. જે નથી જોવાનું તે જુએ છે. મોટા-મોટા બંગલા, પૉલેસ કરેલાં દાદરા, ખુરશી બધું ખૂબ વૈભવો હોય પછી ભાઈ! તને એમાંથી નીકળવું મોઘું પડશે હો! સલવાઈ જઈશ! તારા આનંદ ને સુખ તારામાં છે ભાઈ એમાં નથી.

આમ, નિત્યના ભાનપૂર્વક અનિત્ય આદિ ભાવનાઓ ભાવતાં વૈરાગ્ય આવે છે. નિત્યના ભાન વગર સાચો વૈરાગ આવતો નથી. હે જીવ! સંસારના સુખોમાં મોક્ષ નથી માટે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય કર! શ્રીમદ્ રાજચંદ્ર કહે છે ને કે 'સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી....

એકત્વ ભાવના:—જો નિશ્ચયથી જોવામાં આવે તો સંસારમાં કોઈ સ્વજન પણ નથી ને પરજન પણ નથી. કોને કહેવા સ્વજન ને કોને કહેવા પરજન? આ જીવ પોતે કરેલાં ફળને એકલો જ ભોગવે છે. કોઈ સામું જોવા આવતું નથી કે કોઈ ભાગ પડાવતું નથી. એક કથામાં દૃષ્ટાંત છે કે મોટાભાઈ એ નાનાભાઈને બિમારી આવતાં બહુ સેવા કરી, પાપ કર્યાં ને મરીને મોટો ગયો નરકે ને નાનો થયો અસુરકુમાર અને પોતાના માટે જેણે પાપ કર્યું હતું એને જ મારે છે! જુઓ આ એકત્વ ભાવના! પોતે બાંધેલા કર્મ પોતે જ ભોગવે છે. સીતાજી નરકમાં રાવણને સંબોધવા ગયા. દુઃખમાંથી બચાવવા હાથ પકડીને લેવા જાય છે ત્યાં તો પારાની જેમ શરીર છૂટું પડી જાય છે. રાવણ કહે છે અમારા કરેલા અમારે ભોગવવા પડશે દેવ! તમે અમને નહિ બચાવી શકો. શું નરકની વેદના! બધું પોતાના કરેલાં કર્મનું ફળ છે તારા કર્યા તું ભોગવ કોઈ તેમાં ભાગીદાર ન થાય.

અન્યત્વ ભાવના:—સંસારમાં ભાવના ભાવવાની વાત સંતો જંગલમાં કહી ગયા. દૂધ ને જળ જેમ ભિન્ન છે તેમ તારો ભગવાન આત્મા અને દેહ બંને જુદી ચીજ છે. ચૈતન્યનો જાણનાર સ્વભાવ અને દેહનો મૂર્તસ્વભાવ, એ દેહ જ જુદો છે

તો પછી સ્ત્રી, પુત્ર, કલત્ર એ તો કેટલાં દૂર રહી ગયાં! ધર્મી જીવ આવી દૃષ્ટિ પૂર્વકની અન્યત્વ ભાવના ભાવે છે. તેથી ગૃહસ્થાશ્રમમાં રહ્યા પણ ધર્મીને સંવર થાય છે.

એક જગ્યાએ નિકટ સંબંધમાં રહેલાં તે પણ જુદા તો પછી કુટુંબ, ગામ આદિ તો કેટલી દૂરની ચીજ, તેની શું વાત કરવી! ધર્મી જીવ આમ વારંવાર ભાવના ભાવે છે.

અશુચિ ભાવના:—અરે! કીડા, મળ, મૂત્ર આદિથી ભરેલું આ શરીર અપવિત્ર છે. શેરડીની જેમ શરીરની ચામડી ઉખાડી હોય તો માંસ, લોહી, હાડકા, વીર્ય, મળ, મૂત્રથી ભરેલું અપવિત્ર શરીર તને પ્રત્યક્ષ દેખાશે. માથે ચામડી છે એટલે સારું લાગે પણ અંદર અપવિત્રતાનો પાર નથી. અરે! શરીરમાં એટલી અપવિત્રતા ભરેલી છે કે તેના સંયોગથી બીજી વસ્તુ પણ અપવિત્ર બને. મેસૂબની વિષ્ટા થાય. પાણીનો પેશાબ થાય. સુંગધ પણ શરીરના સંગે દુર્ગંધમય બને છે. એ રીતે આ શરીર અપવિત્રતા પેદા કરવાનું યંત્ર છે. જેમ વંટોળિયામાં તરણું આમથી તેમ અથડાય તેમ શરીરમાં પ્રેમ ધરાવનાર જીવ ચોરાશીના અવતારમાં આમથી તેમ ભટકશે.

એક દિવસ પહેરેલું કપડું બીજા દિવસે ઘૃણા ઉપજાવે છે કેમ કે શરીરના સંગે કપડામાં પણ પરસેવાની દુર્ગંધ આવે છે. અરે! મેસૂબ મોઢામાં નાખીને અરીસામાં જુએ તો કૂતરાની એંઠ જેવી લાગે! અરે! તને એમાં પ્રેમ છે એટલે મીઠું લાગે છે, પણ એમાં કાંઈ મીઠાશ નથી. માટે આમ વિચારી હવે દેહથી છૂટાય એવો કાંઈક ઉપાય કરો.

આસ્રવ ભાવના:—વહાણમાં છિદ્ર હોય તો વહાણ ડૂબે તેમ સંસારરૂપી જહાજમાં મિથ્યાત્વ, વિપરીત માન્યતા, પ્રમાદ કષાય યોગના છિદ્ર વડે આસ્રવ થાય છે જેનાથી જીવ ચોરાશીના સંસારસમુદ્રમાં ડૂબે છે. ભગવાન આત્મા અમૂર્તસ્વભાવી એને ભૂલીને મિથ્યા અભિપ્રાય, કષાય આદિથી નવા કર્મને જીવ બાંધે છે. દાખલો આવે છે ને! 'પુત્ર કપૂત તો સંચય શાને? પુત્ર સપૂત તો સંચય શાને?' પુત્ર કપૂત હશે તો તું એના માટે ગમે તેટલી સંપત્તિ ભેગી કરીશ તે ઉડાડી દેશે ને અંતે કાંઈ નહિ રહે તો પછી ભેગું કરવાનો અર્થ શું? અને જો સુપુત્ર હશે તો તેના પુણ્યથી તે તારા કરતાં પણ વધારે સંપત્તિ એકઠી કરી લેશે પછી તારે ભેગું કરવાની શું જરૂર છે? માટે પરથી મોહ હટાવી તારા આત્માને યાદ કર.

સંવર ભાવના:—સંવરનો અર્થ જ સ્વાધીનદશા પ્રગટ કરવી. ચૈતન્યની શુદ્ધ દૃષ્ટિ કરતાં નવા કર્મ આવતાં અટકે છે તેનું નામ સંવર. શુદ્ધાત્મ ભાવનાથી જ નવા કર્મનું આવરણ આવતું અટકે છે એ જ ઉપાય છે. બીજો ઉપાય નથી. મન તો કયાંય ફરતું હોય અને સામાયિક કરવા બેસે તેનાથી સંવર ન થાય અને શુભભાવની સામાયિક કરવાથી પણ કર્મ આવતાં ન અટકે. સાસરા-વહુનો દાખલો આવે છે ને! સસરા સામાયિકમાં બેઠા બેઠા હરિજનો પાસેથી પૈસાની ઉઘરાણીના વિચાર કરતા હતા એ

વહુ જાણે એટલે કોઈએ પૂછયું ઢાઢા શું કરે છે? તો કહે ઢેઢવાડે ગયા છે! આવી સામાયિક હોય ને માને કે મને સંવર થાય છે. ધૂળેય ન થાય!

નિર્જરા ભાવના:—શ્રીમદ્ કહે છે ને 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો....શ્રીમદ્ ૩૨ વર્ષની ઉંમરે આવી ઉત્તમ ભાવના ભાવે છે.

લોકો કહે છે ને કે 'મને ગજસુકુમારની ઘડી હજો' શ્રીકૃષ્ણના નાના ભાઈને સાસરે માથે સગડી સળગાવે છે ને અંતરમાં આનંદનો પાર નથી. માટે ગૃહસ્થાશ્રમમાં આવી ભાવના ભાવે છે કે મારી પણ આવી ઘડી હજો. હું તો એકલો આવ્યો ને એકલો જવાનો, મારે શરીર જોઈતું નથી ને સિંહને જોઈએ છે તો ભલે લઈ જાય, એ તો મિત્ર બન્યો—આમ વારંવાર ધર્મી જીવ નિર્જરાની ભાવના ભાવે છે.

લોક ભાવના:—આ સમસ્ત લોક અવિનશ્વર અને પ્રત્યેક સમય દુઃખ ઉપજાવનાર છે. ભૂતકાળમાં માતા હતી તે સ્ત્રી થાય. મિત્ર હતો તે દુશ્મન થાય. લોકમાં આ રીતે જીવ પરિભ્રમણ કરી રહ્યો છે. તે પરિભ્રમણથી થાકી ધર્મી હવે મોક્ષનો પ્રયત્ન કરે છે. પરિભ્રમણની વૃત્તિને લક્ષમાંથી છોડી મોક્ષને સાધ્ય બનાવે છે કે હવે કયારે આ સંસારથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરું.

બોધિદુર્લભ ભાવના:—રત્નત્રયની પ્રાપ્તિ તે બોધિ. એ બોધિ પ્રાપ્ત થવી બહુ દુર્લભ છે. એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય આદિ ત્રસપણું દુર્લભ, તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યપણું, તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ મળવા તેની પ્રતીતિ થવી અને રત્નત્રયની પ્રાપ્તિ કરવી તે અતિ અતિ દુર્લભ છે. રાજા થવું, ચક્રવર્તી થવું, દેવ થવું એ જેટલું દુર્લભ નથી એટલું દુર્લભ રત્નત્રય પ્રાપ્ત કરવું તે છે. બીજી રીતે એમ પણ કહેવાય કે બાયડી-છોકરા-વૈભવ મળવા દુર્લભ છે કેમ કે એ તારે આધીન નથી, કર્માધીન છે. જ્યારે ધર્મ પ્રાપ્ત કરવો તે તારે માટે સ્વાધીન છે, માટે સુલભ છે. એક બાજુ ધર્મને સુલભ કહી સંયોગોને દુર્લભ કહ્યાં છે કેમ કે પરાધીન છે અને પોતાને પોતાનો ધર્મ સ્વાધીન છે. પણ અનાદિના સંસ્કારને લીધે જીવને અત્યારે પોતાની શુદ્ધપરિણતી રૂપ સ્વાધીન ધર્મ જ દુર્લભ લાગે છે.

ધર્મ ભાવના:—સંસારમાં પ્રાણીઓને જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ધર્મ પામવો અતિ કઠિન છે. વ્રત-દયા-દાન કરવા સરળ છે પણ એ ધર્મ નથી. નિજ ધર્મને પામવો કઠિન છે પણ તે જ ધર્મ છે. આનંદ અને જ્ઞાનનો સ્વભાવ છે, પર્યાયમાં તેની પ્રગટતા થવી તે દુર્લભ છે.

શ્રાવકના સંસ્કારમાં આ વાત નાખી છે. ધર્મ પામવો અતિ દુર્લભ છે માટે તે એવી રીતે પાળવો જોઈએ કે મોક્ષ પ્રાપ્ત થતાં સુધી તેનો સાથ છૂટે નહિ. અપ્રતિહત દશાથી મોક્ષ-કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી દૃઢપણે ધર્મ પાળવો જોઈએ.

ધર્મરૂપી જહાજ જ આ અગાધ સંસારમાંથી પાર પહોંચાડી શકે તેમ છે. બાર ભાવના ભાવવાવાળાને શુભભાવ જેટલો થાય તેટલું દેવપદનું કારણ થાય અને જેટલો વૈરાગ્ય છે, શુદ્ધ પરિણતિ છે, તેટલું મોક્ષનું સીધું કારણ થાય છે. એવું નિમિત્તકારણ છે અને આ નિશ્ચયકારણ છે. આમ વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગ બંને આ ભાવનાઓ ભાવનારને પ્રાપ્ત થાય છે. બાર ભાવના અને દશધર્મ મુનિને જેમ હોય છે તેમ શ્રાવકને પણ તેની ભૂમિકા અનુસાર હોય છે. નથી એમ નથી. શક્તિ અનુસાર શ્રાવકને પણ દશ પ્રકારનો ધર્મ હોય છે.

હવે નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે.

ચિદાનંદ નિશ્ચય ભગવાન તે તો અંતઃતત્ત્વ છે અને તેના આશ્રયે થયેલો ધર્મ તે નિશ્ચય ધર્મ છે અને પ્રાણી દયા આદિ શુભભાવ તે વ્યવહાર ધર્મ છે. અંતઃતત્ત્વના આશ્રયે થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ નિશ્ચય ધર્મ છે તેની સાથે નિમિત્ત તરીકે દયા-દાન આદિનો વ્યવહાર ધર્મ પણ હોય જ છે. માટે મોક્ષાર્થી જીવે-શ્રાવકે બંને ધર્મ અંગીકાર કરવા.

હવે છેલ્લો સંસ્કાર કહે છે—સરવાળો કરે છે. ચિદાનંદ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપની હંમેશા જીવે ભાવના ભાવવી અને આશ્રય કરવો-આમ કહી ઉપાસક સંસ્કાર નામનો પદ્મનંદિ આચાર્ય કૃત આ અધ્યાય પૂરો થયો. દરેક જીવો ધર્મ આરાધે તેમ આમાં ભાવના ભાવી છે.

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના
દ્વિતીય વાર્ષિક સમાધિદિન નિમિત્તે
સોનગઢમાં પાંચ દિવસનો ધાર્મિક કર્યક્રમ

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો દ્વિતીય વાર્ષિક સમાધિદિન સં. ૨૦૩૯, તા. ૭-૧૨-૮૨ ના રોજ છે. આ સમાધિદિન નિમિત્તે સોનગઢમાં તા. ૩-૧૨-૮૨ થી તા. ૭-૧૨-૮૨ સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે સોનગઢ લાભ લેવા આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનો માટે તા. ૫ તા. ૬ તથા તા. ૭-૧૨-૮૨ એમ ત્રણ દિવસ માટે કેટલાક ધર્મપ્રેમી મુમુક્ષુ દાતાઓ તરફથી ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

* વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણુ પ્રસંગ *

[ગતાંકથી ચાલુ]

* ધન્યકુમાર *

(૨૫૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા ધન્યકુમારની કથા)

શેઠ બલભદ્રે પૂછ્યું કે બેન! તમે કયાંથી આવો છો અને કયાં જવા નીકળ્યા છો! એ સાંભળી દુઃખી મૃષ્ટદાના રડતે હૃદયે કહેવા લાગી કે ભાઈ! અમે મગધદેશથી નીકળ્યા છીએ અને જ્યાં અમારી આજીવિકા ચાલે ત્યાં જવું છે. આ સાંભળી શેઠ બલભદ્રને દયા આવી, તેથી તેણે કહ્યું કે બેન જો તારે આજીવિકાની જરૂર છે તો અહીં મારે ત્યાં જ રહે ને રસોઈ બનાવ્યા કર અને તારો પુત્ર છે તે મારી ગાયોના બચ્ચાને ચાર્યા કરે, હું ઉચિત ભોજન પગાર આદિ આપીશ. આ વાત મૃષ્ટદાનાએ સ્વીકાર કરી એટલે શેઠે પોતાના બંગલામાં તેને રહેવા એક ઝુંપડી આપી.

શેઠ બલભદ્રને સાત પુત્રો છે તેને જમવા માટે રોજ સવારે ખીરનું ભોજન બને છે તે જોઈને અકૃતપુણ્ય પણ રોજ રોજ પોતાની માતા પાસે ખીર ખાવા માટે રોયા કરે છે. માતા તેને સમજાવે છે કે તેં પૂર્વભવે કોઈ પુણ્ય કર્મ કર્યું નથી તેથી આવા ઉત્તમ ભોજન હું તને કયાંથી લાવીને આપું? પરંતુ અકૃતપુણ્ય તો બાળક છે. તેથી રોજ રોજ શેઠના પુત્રોને ખીર ખાતાં જોઈ માતા પાસે ખીર માંગે છે અને ખીર ન મળવાથી રોવે છે. તે જોઈને શેઠના દુષ્ટ પુત્રો તેને માર્યા કરે છે. એ રીતે મારતાં મારતાં એક વખત અધિક વાગી ગયું અને મોઢું સોઝી જવાથી વિકૃત થઈ ગયું. અકૃતપુણ્યની આવી દશા જોઈને શેઠ બલભદ્રે પૂછ્યું કે આ મુખ સોઝી કેમ ગયું? ત્યારે માતાએ કહ્યું કે ખાવા માટે ખીર માગ્યા કરતો હતો પરંતુ પાપના ઉદયથી ખીર કેમ મળી શકે? તેના બદલામાં આપના પુત્રોએ આ દશા કરી છે. આ સાંભળી શેઠને બહુ દયા આવી ગઈ, તેણે અકૃતપુણ્યની માતાને કહ્યું કે તું મારા ઘેરથી દૂધ-ઘી-ચોખા-સાકર તારે ઘેર લઈ જા અને ખીર બનાવીને પુત્રની અભિલાષા પૂરી કર. શેઠના કહેવા અનુસાર દૂધ આદિ સામગ્રી પોતાના ઘેર લાવીને પુત્રને કહે છે કે આજ તને હું ખીર બનાવી આપીશ. તું ગાયોને લઈને ઘેર જલદી આવી જજે. અકૃતપુણ્ય ખુશી થઈને ગાયોને ચારવા લઈ ગયો અને માતાના કહેવા અનુસાર ઘેર પાછો જલ્દી આવી ગયો. એટલામાં માતાએ ખીર પણ બનાવીને તૈયાર કરી. માતા પુત્રને કહે છે કે બેટા! હું પાણી ભરીને હમણાં પાછી આવું છું એટલામાં જો કોઈ સાધુ આપણે ઘેર

આવે તો પાછા જવા ઇચ્છશે નહિ. કેમકે દાનથી બહુ પુણ્ય બંધાય છે, ઉત્તમ પાત્રોને દાન દેવાથી આપણને ઉત્તમ ભોજન મળ્યા કરશે અને ઉત્તમ પાત્રદાનથી ગૃહસ્થાશ્રમની સફળતા થાય છે. આપણે પહેલાં કદી દાન દીધું નથી તેથી દરિદ્રતાના દુઃખ સહેવા પડે છે વિગેરે પ્રકારે ધાર્મિક ભાવના સમજાવીને માતા ઘડો લઈને પાણી ભરવા ગઈ.

એટલામાં મહાન પુણ્યોદયથી રત્નત્રયના ધારક અનેક ઋદ્ધિઓથી વિભૂષિત મહાપાત્ર સુવ્રત નામના મુનિરાજ મહિનાના ઉપવાસના દિવસે શરીર સ્થિતિ માટે બલભદ્રના ઘર તરફ આવી રહ્યા છે તે દેખીને અકૃતપુણ્ય શુદ્ધ મનથી વિચારે છે કે અહો! આ બહુ મોટા સાધુ મહાત્મા છે જુઓ! એમની પાસે વસ્ત્રાદિ કાંઈ જ નથી. અહો! મારા બહુ મોટા પુણ્યોદયથી સાધુ પધાર્યા છે. એમને હું જવા દઈશ નહિ—એમ વિચારતા વિચારતા સામે જઈને વિનતિ કરવા લાગ્યો પ્રભુ! મારી માતાએ બહુ જ સરસ ખીર બનાવી છે તે આપને ભોજનમાં આપવી છે મારી નમ્ર પ્રાર્થના છે આપ ઊભા રહો, મારી માતા હમણાં જ પાણી ભરીને આવી રહી છે. પરંતુ મુનિરાજનો એ માર્ગ નથી તેથી ધીમે ધીમે આગળ ચાલતા જાય છે. ત્યારે અકૃતપુણ્ય મુનિરાજની આગળ જઈને જોરથી બોલે છે કે તાત! મારી ઉપર દયા કરો! થોડી વખત ઊભા રહો, આપ અહીંથી આગળ ન જાવ! એ રીતે પ્રાર્થના કરવા લાગ્યો. એટલામાં તો તેની માતા પાણી ભરીને આવી ગઈ અને મુનિરાજને દેખીને બહુ જ ખુશી ખુશી થઈ ગઈ. જેમ અનાયસે દુર્લભ ધન મળતાં ખુશી થાય તેમ ખુશી થઈ. માથા ઉપરથી ઘડો ઉતારી મુનિરાજના ચરણોમાં નમસ્કાર કર્યા અને તિષ્ઠ!! તિષ્ઠ!! તિષ્ઠ!! કહીને પડગાહન કર્યું, ઘરમાં લઈ જઈને ઊંચા આસને બિરાજમાન કરી નવધા ભક્તિથી પુત્રની સાથે સાથે માતાએ અત્યંત ઉલ્લાસ પૂર્વક મુનિરાજને ખીરનું ભોજન કરાવ્યું. મુનિરાજને ભોજન કરતા દેખી અકૃતપુણ્ય બહુ જ આનંદિત થતો હતો તેથી તેણે ઘણા પુણ્યનું ઉપાર્જન કર્યું. વિચારવા લાગ્યો કે અહા! આજે હું કૃતાર્થ થયો, હું આજે મહાન પુણ્યવાન થયો, હું આજે બહુ જ સુખી થયો, આજે મહા દાનથી મારો જન્મ સફળ થયો. અહો! આજ હું કેટલો ભાગ્યશાળી થયો છું! દેવ, રાજા, મહારાજા, વિદ્યાધરો આદિથી વંદનીક મહાપાત્ર મુનિરાજ મારે ઘેર ભોજન કરી રહ્યા છે. આ રીતે ઉલ્લાસ પૂર્વક પવિત્ર ભાવનાથી અકૃતપુણ્ય મહાન પુણ્યનું ઉપાર્જન કરી કહ્યો છે.

જિતેન્દ્રિય યોગિરાજે ઊભા ઊભા શાંત ભાવોથી પાણિપાત્રમાં આહાર કરી દાતાને પાવન કર્યા અને શુભ આશીર્વાદ આપી વન જંગલ તરફ ચાલતા થયા. અહા જુઓ! બાળકની ઉત્તમ ભાવના! કે જે ખીર માટે કેટલાય વખતથી રોતો હતો અને માંડ માંડ શેઠની કૃપાથી ખીર મળી, તોપણ તે બાવા માટે એમ લોલુપતા કરતો નથી કે આ ખીર મને માંડ માંડ ઘણા વખતે મળી છે તો હું કોઈને બાવા આપીશ નહિ,

પણ બધી જ ખીર હું આઈ જઈશ. પરંતુ સાધુ મહારાજને ખીર આપવા માટે ધીરજથી રાહ જોવે છે અને સદ્ભાગ્યે મુનિરાજ આવી જતાં નિર્લોભતાથી ભક્તિથી ઉલ્લાસ પૂર્વક ખીરનું દાન આપી આનંદિત થાય છે.

મુનિરાજ અક્ષીણઋદ્ધિથી વિભૂષિત હતા તેથી મુનિરાજનો આહાર થવાથી ખીર અક્ષય થઈ ગઈ (–ચક્રવર્તીનું સમસ્ત સૈન્ય ભોજન કરે તોપણ તે દિવસે અક્ષયઋદ્ધિને લીધે ખીર—અન્ન ખૂટે નહિ). જ્યારે મુનિરાજ આહાર કરીને ગયા તો મૃષ્ટદાનાએ અકૃતપુણ્યને ખીર ખૂબ જમાડી અને પોતે પણ પેટ ભરીને ખાધી તોપણ ખીર વાસણમાંથી ઓછી થતી નથી તે જોઈને તેને ખૂબ જ આશ્ચર્ય થયું અને શેઠ બલભદ્રના કુટુંબને ભોજન માટે બોલાવ્યા તોપણ ભોજન ઘટ્યું નહિ તેથી આખા ગામને દિન ભર ભોજન કરાવ્યું. તે મહાદાનના કારણે માતા–પુત્રની ખૂબ જ પ્રશંસા–પ્રસિદ્ધિ થઈ.

ખીર ખાઈને અકૃતપુણ્ય વાછરડાંને ચારવા વનમાં લઈ ગયો, ગરીષ્ટ ભોજન પેટ ભરીને ખાવાથી તેને નિદ્રા આવી ગઈ અને વાછરડાં સ્વયં ઘેર પાછા આવી ગયા. વાછરડાંને એકલા આવેલાં જોઈ તેની માતા વિચારવા લાગી કે પુત્ર પાછો ઘેર કેમ ન આવ્યો ? તેને શું થયું હશે ? એવી ચિંતાથી રોવા લાગી અને શેઠને શોધવા માટે કહ્યું. મૃષ્ટદાનાના આગ્રહથી શેઠ બીજા નોકરો સાથે અકૃતપુણ્યને શોધવા માટે નીકળ્યા. આ બાજુ અહીં અકૃતપુણ્યની નિદ્રા ઊડી ગઈ અને વાછરડાંને જોયા નહિ તેથી વ્યાકુળ થઈ ચારેકોર શોધતો શોધતો ઘર તરફ આવતો હતો, તેવામાં શેઠ બળભદ્રને પોતાની સામે આવતા જોઈને ડરીને પોતે પર્વત ઉપર ચડી ગયો. બળભદ્રે તેની ઘણી તપાસ કરી પરંતુ તે નહિ મળવાથી ઘેર પાછા આવી ગયા. અકૃતપુણ્ય પર્વત ઉપર ગુફાના દરવાજે ઊભો રહ્યો, ગુફામાં સુવ્રત મુનિરાજ ધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા. અકૃતપુણ્ય પણ પ્રસન્નતાથી સાંભળવા લાગ્યો. ઉપદેશ પૂરો થતાં બધાં શ્રાવકો નમો અરિહંતાણં મંત્રરાજનો ઉચ્ચારણ કરતાં ગુફામાંથી બહાર નીકળ્યા. અકૃતપુણ્ય પણ તે લોકોની સાથે મંત્રરાજનું ઉચ્ચારણ કરતો કરતો તેમની પાછળ પાછળ જતો હતો એવામાં એક ક્ષુધાતુર વાઘે આવીને પકડી લીધો. અકૃતપુણ્યે મંત્રનું સ્મરણ કરતા કરતા સમાધિ દેહ છોડીને જે મહાન પુણ્ય ઉપાર્જન કરેલ તેના ફળસ્વરૂપ સૌધર્મ સ્વર્ગમાં મહર્ધિક દેવ થયો. અહો જુઓ ! કયાં તો તેના પ્રબળ પાપોદય ! કયાં તો દુર્લભ પાત્રદાનનો યોગ ! અને કયાં તો ઉત્તમ ભાવનાથી મળેલ સ્વર્ગ !

આ બાજુ રાત્રિભર પુત્ર ન આવવાથી ચિંતાતુર માતા સવાર પડતા શેઠ બળભદ્રને સાથે લઈને પુત્રને શોધવા નીકળી. શોધતા શોધતા પર્વત ઉપર ગયા કે જ્યાં પ્યારા પુત્રનું અડધું ખવાયેલ કલેવર પડ્યું હતું. તે જોઈ પુત્રનું મૃત્યુ જાણી મહાશોકથી આક્રાંત કરતી રૂદન કરવા લાગી. આ બાજુ અકૃતપુણ્ય સ્વર્ગમાં ઉત્પન્ન થતા વિચાર કરવા લાગ્યો કે અહા ! હું કોણ છું ને આ સુખમય સ્થાન શું છે ? વિગેરે વિચારતા

અવધિજ્ઞાન પ્રગટ થયું અને પૂર્વજન્મની બધી વાતો જાણી અને તેની માતાને રૂદન કરતી દેખી. પહેલાં તે જિનમંદિરે જઈને જિનેન્દ્રની મહાપૂજા-ભક્તિ કર્યા અને પછી ઘણી સંપતિ સાથે માતાને સમજાવવા પૃથ્વી પર આવ્યો અને શોકથી રૂદન કરતી માતાને જોઈને કહ્યું કે હે માતા! તું રૂદન ન કર. હું જ તારો પુત્ર છું. પરંતુ પાત્રદાનના અને વ્રતાદિની શુભ ભાવના, નમસ્કારમંત્રના સ્મરણથી હું દેવ થયો છું એમ કહીને સ્વર્ગના ઉત્તમ ઉત્તમ સુખોનું વર્ણન કર્યું અને અંતમાં કહ્યું કે હે માતા આ બધો પ્રતાપ દાન વ્રત આદિનો છે માટે તું પણ વ્રતાદિનું પાલન કર ને રૂદન છોડ, રૂદન કરવાથી પાપબંધન થાય છે. માટે તું દુર્લભ સંયમને ગ્રહણ કરી મનુષ્ય જન્મ સફળ કર. વિગેરે સંબોધન કરી દેવ—ભૂતપૂર્વ પુત્રનો જીવ સ્વર્ગમાં ગયો અને માતા મૃષ્ટદાનાને મહાન આશ્ચર્ય થયું કે અહો! કયાં તો અકૃતપુણ્યની દારૂણ દુઃખ દશા! અને કયાં મહાન પાત્રદાનનો લાભ! અને વ્રતાદિની ભાવનાથી સ્વર્ગનું ઉત્તમ સુખ! એ જાણી ઘરબાર છોડી સંસારથી વિરક્ત થઈ અર્જિકા થઈ ગઈ અને શેઠ બલભદ્ર પણ અકૃતપુણ્યના પ્રસંગથી સંસારથી વિરક્ત થઈ દીક્ષિત થયા; અને યથા-યોગ્ય તપ આદિ કરી સસમાધિ પ્રાણ છોડી જ્યાં અકૃતપુણ્યનો જીવ હતો ત્યાં જ બલભદ્રનો જીવ દેવ થયો અને મૃષ્ટદાના દેવી થઈ. (ક્રમશઃ)

સુવર્ણપુરી સમાચાર :—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીનું ધાર્મિક પ્રવૃત્તિમય જીવન વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ ટેપ-પ્રવચન શાસ્ત્રસ્વાધ્યાય વગેરે કાર્યક્રમોથી નિયમિત ગૂંજતું રહે છે. તદુપરાંત આસો વદ ૧૧ થી આસો વદ ૦॥ સુધી શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પૂજા તથા ભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ. નૂતન વર્ષના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિના તેમ જ સ્વાનુભૂતિ વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શનાર્થે બહારગામથી મુમુક્ષુ ભાઈ-બહેનો અત્રે આવ્યા હતા. સ્વાનુભૂતિ સંપન્ન પૂજ્ય બહેનશ્રી દીપાવલિના મંગલ નિર્વાણ દિને શ્રી સીમંધરસ્વામીના જિન-મંદિરે તેમ જ શ્રી મહાવીર કુંદકુંદ-પરમાગમ-મંદિરે દર્શન તથા પૂજન કરવા પધાર્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્વિતીય વાર્ષિક સમાધિદિન પ્રસંગે રાખવામાં આવેલા પાંચ દિવસના ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા મહેમાનો સોનગઢ આવી રહ્યા છે.

પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાની ખુશાલીમાં જાહેર થયેલી દાનરાશિ:—

૮૦૦૫-૦૦	શ્રી પોપટલાલ છગનલાલ શાહ	લીંબડી
૭૫૨૧-૦૦	,, ચીમનલાલ છોટાલાલ ઝેબાળિયા.	
૬૦૦૧-૦૦	,, શોભાબેન મોહનલાલ ભાયાણી, મોહનલાલ કેશવજી ભાયાણી પરિવાર	લાઠીવાળા
૫૦૦૫-૦૦	,, જયાબેન છબીલદાસ વારીયા	મહુવા
૫૦૦૧-૦૦	,, ડૉ. ઇન્દ્રકુમાર જૈન	ખંડવા
૫૦૦૬-૦૦	,, કાન્તાબેન હીંમતલાલ ડેલીવાલા	મુંબઈ
૩૧૦૫-૦૦	,, મનસુખલાલ જીવણલાલ શેઠ	અમદાવાદ
૩૦૦૧-૦૦	,, રાજબહાદુર ફકીરચંદ્ર	ખંડવા
૩૫૧૯-૦૦	સ્વ. છોટાલાલ રાયચંદનો પરિવાર	સોનગઢ
૩૦૦૧-૦૦	શ્રી શાંતિલાલ રતિલાલ શાહ	મુંબઈ
૫૦૦૧-૦૦	શ્રીમતી શારદાબેન શાંતીલાલ શાહ	મુંબઈ
૩૦૦૮-૦૦	શ્રી દામોદરદાસ હંસરાજ મોદી	અમદાવાદ
૫૦૦૨-૦૦	,, લાભુભાઈ છગનલાલ મહેતા	બરોડા
૯૨૪૦-૭૦	,, લીલાબેન ધીરજલાલ બોરડીયાની સુપુત્રીઓ તરફથી	મુંબઈ
૫૦૧૫-૦૦	શ્રી ધીરજલાલ લાલચંદ ગાંધી	માટુંગા
૫૦૧૫-૦૦	,, સમતાબાઈ માણેકલાલ શાહ	ખાર
૫૦૦૩-૦૦	,, શાંતાબેન ગોંડલવાળા તથા તેમના ભાઈશ્રી પ્રીતમલાલ તારાચંદ પારેખ અને પરિવાર.	મુંબઈ
૫૦૦૧-૦૦	,, જ્યોતિબેન પ્રવિણચંદ્ર મહેતા	મુંબઈ
૫૦૦૧-૦૦	,, મોતીબેન ઠાકરશીભાઈ જામનગરવાળા	સોનગઢ

—: ૬૯ મી જન્મજયંતી પ્રસંગે એક ટંક ભોજનનાં :—

૧૦૦૦૧-૦૦	શ્રી હીરાભાઈ દેહગામવાળા	મુંબઈ
૨૦૦૧-૦૦	,, શ્રીમતી રમાબેનન ઇન્દ્રવદન શાહ	મુંબઈ
૨૦૦૧-૦૦	,, જગજીવનદાસ ચતુરદાસ	સુરેન્દ્રનગર
૨૦૦૧-૦૦	,, અમુલખભાઈ લાલચંદભાઈ	જે.નગર
૨૦૦૧-૦૦	શ્રી મીઠાલાલ મગનલાલ	હિંમતનગર
૨૦૦૧-૦૦	,, ઉમેદભાઈ ગોરધનદાસ	રાજકોટ
૨૦૦૧-૦૦	,, પ્રાણજીવન કુરજીવનદાસ	પોરબંદર
૨૦૦૧-૦૦	,, ભાઈલાલભાઈ કે. શાહ	મદ્રાસ

પૂજ્ય બહેનશ્રીની ૬૯ મી જન્મજયંતી પ્રસંગે ચા-નાસ્તા માટે

૫૦૧-૦૦	શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ	મલાડ
૫૦૧-૦૦	સ્વ શ્રી કપૂરચંદભાઈ કોઠારી	નંદરબાર
૫૦૧-૦૦	શ્રી મનહરલાલ રેવાશંકર દોશી	
૫૦૧-૦૦	શ્રી શામજી ભાણજી છેડા	ગોરેગાંવ

—*—

૬૯ મી જન્મજયંતી મહોત્સવની ખુશાલીમાં દાતાઓ તરફથી જાહેર થયેલી દાનરાશિ

૨૪૧૫–૦૦	૩૪×૬૯	શ્રીમતી જડાવબેન નાનાલાલનો પરિવાર	
૧૦૩૫–૦૦	૧૫×૬૯	શ્રી વૃજલાલ મગનલાલ શાહ	જલગાંવ
૧૦૩૫–૦૦	૧૫–૬૯	શ્રી રસીકલાલ વિક્રમચંદ સંઘવી	કલકત્તા
૭૫૯–૦૦	૧૧×૬૯	,, હીરાલાલજી કાલા	ભાવનગર
૭૫૯–૦૦	,,	,, શાંતિલાલ ચિમનલાલ ઝવેરી	મુંબઈ
૭૫૯–૦૦	,,	,, હસમુખલાલ કે. ગાંધી	ભાવનગર
૭૫૯–૦૦	,,	,, મદ્રાસ મુમુક્ષુ મંડળ	મદ્રાસ
૭૫૯–૦૦	,,	,, મલાડ મુમુક્ષુ મંડળ	મુંબઈ
૭૫૯–૦૦	,,	,, ધાટકોપર મુમુક્ષુ મંડળ	ધાટકોપર
૭૫૯–૦૦	,,	,, ચીમનલાલ ઠાકરશી તથા ગીરધરલાલ ઠાકરશી મોદી	મલાડ
૭૫૯–૦૦	,,	દાદર જૈન મુમુક્ષુ મંડળ	દાદર
૬૯૦–૦૦	૧૦×૬૯	શ્રી અજીતભાઈ પ્રેમચંદભાઈ નાથરોળી	
૬૨૧–૦૦	૯×૬૯	,, તખ્તરાજજી વનાજી	કલકત્તા
૬૨૧–૦૦	,,	,, શાંતિલાલ ગીરધરલાલ તથા કાંતિલાલ ગીરધરલાલ	સોનગઢ
૪૮૩–૦૦	૭×૬૯	રંભાબેન પોપટલાલ વોરા	મુંબઈ
૩૪૫–૦૦	૫×૬૯	શ્રી બલુભાઈ ચુનીલાલ શાહ	મુંબઈ
૩૪૫–૦૦	,,	વીણાબેન જગદીશચંદ્ર મોદી	મુંબઈ
૩૪૫–૦૦	,,	શ્રી વૃજલાલ જેઠાલાલ તથા હિંમતલાલ જેઠાલાલ શાહ	સોનગઢ
૩૪૫–૦૦	,,	વિભાબેન સંદીપભાઈ શાહ	
૩૪૫–૦૦	૫×૬૯	પારુલબેન યોગેશભાઈ	
૩૪૫–૦૦	,,	શ્રી ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાલિયા હ. પ્ર. ચંદુભાઈ	સોનગઢ
૩૪૫–૦૦	,,	,, રાજકોટ દિ. જૈન સંઘ	રાજકોટ
૩૪૫–૦૦	,,	,, મહેતા ઈન્ડસ્ટ્રીઝ	જામનગર
૩૪૫–૦૦	,,	,, ભોગીલાલ ચત્રભુજ દોશી	ધાટકોપર
૩૪૫–૦૦	,,	,, હીરાલાલ ભીખાલાલ દેહગામવાળા	
૩૪૫–૦૦	,,	,, શશીકાંત શાંતિલાલ મહેતા	ધાટકોપર
૩૪૫–૦૦	,,	ડૉ. પ્રવીણભાઈ દોશી	રાજકોટ
૩૪૫–૦૦	,,	શ્રી કાંતીલાલ અમીચંદ કામદાર	મદ્રાસ
૩૪૫–૦૦	,,	,, ચીમનલાલ હેમચંદ વોરા	વઢવાણ
૩૪૫–૦૦	,,	,, મયાભાઈ જેસીંગભાઈ	મુંબઈ
૩૪૫–૦૦	૫×૬૯	શ્રી કુંદકુંદ કહાન ભજનમંડળી	ધાટકોપર
૩૪૫–૦૦	,,	,, ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા	
૩૪૫–૦૦	,,	,, ચંપકલાલ વીકમચંદ સંઘવી	મુંબઈ
૩૪૫–૦૦	૫×૬૯	,, હરસદ, ખંડવા તથા સનાવદના ભાઈઓ	
૨૭૬–૦૦	૪×૬૯	,, જમશેદપુર દિ. જૈન મુમુક્ષુ મંડળ	
૨૦૭–૦૦	૩×૬૯	,, શાંતિલાલ ચુનીલાલ ખાટડીયા	મુંબઈ
૨૦૭–૦૦	,,	,, અનોપચંદ મૂળજીભાઈ ખારા	રાંચી
૨૦૭–૦૦	૩×૬૯	શ્રી ચંદ્રકાંત કેશવલાલ તથા જ્યોત્સનાબેન ચંદ્રકાંત	

૧૩૮-૦૦	૨×૬૯	શ્રી	નિરંજન ચીમનલાલ શાહ સુરત
૧૩૮-૦૦	,,	,,	છોટાલાલ કેશવજી ભાયાણી ખાડી
૧૩૮-૦૦	,,	,,	જગજીવનદાસ ચતુરદાસ સુરેન્દ્રનગર
૧૩૮-૦૦	,,		શ્ર. વિમળાબેન રીખવદાસ સોનગઢ
૧૩૮-૦૦	,,	,,	વીરચંદ કાનજી મોટાણી કલકત્તા
૧૩૮-૦૦	,,	,,	જેઠાલાલ હંસરાજ દોશી સિંકદરાબાદ
૧૩૮-૦૦	,,	,,	સપાણીભાઈ એ૦
૧૩૮-૦૦	,,	,,	શ્ર. કોકીલાબેન ખારા તથા રૂપાબેન ખારા સોનગઢ
૧૩૮-૦૦	,,	શ્રી	નાથાલાલ લીલાધર રાડીયા જુનાગઢ
૧૩૮-૦૦	,,	,,	ઉમેદલાલ ગોકલદાસ રાજકોટ
૧૩૮-૦૦	,,	,,	કપૂરચંદભાઈ વોરા કલકત્તા
૧૩૮-૦૦	,,	,,	મનસુખલાલ છોટાલાલ ઝોબાળિયા હસ્તે બિપીન
૧૩૮-૦૦	,,	,,	રતીલાલ માણેકચંદ સંઘવી મોરબી
૧૩૮-૦૦	,,	,,	ત્રંબકલાલ હિંમતલાલ ઘડીયાળી
૧૩૮-૦૦	,,	,,	કસુંબાબેન મૂળજીભાઈ રાજકોટ
૧૩૮-૦૦	,,	,,	લીંબડી મુમુક્ષુ મંડળ
૧૩૮-૦૦	,,	,,	લક્ષ્મીબેન મોહનલાલ
૧૨૬૦૩-૦૦	૧૮૭×૬૯		(૧×૬૯ની અંકમાં આવેલી કુલ રકમ)
૨૦૨-૦૦		સ્વ. શ્રી	ચીમનલાલ ભાઈલાલ ડેલીવાળાના સ્મરણાર્થે હ. શ્રી નિરંજનભાઈ
૧૦૧-૦૦		શ્રી	લતાબેન અનંતરાય શાહ જલગાંવ
૧૦૨૫-૦૦			દીપાવલિ-બેસતાં વર્ષના દિને પૂ. બહેનશ્રીના ચરણે આવેલી રકમ
૨૦૨-૦૦			શ્રી મદનરાજ છાજેડ જોધપુર
૧૦૦૨-૦૦			શ્રી વૃજલાલ મગનલાલ શાહ જલગાંવ

૧૩૮-૦૦	૨×૬૯	,,	કુલચંદજી વિમલચંદજી ઝાંઝરી
૧૩૮-૦૦	,,	,,	ચોટીલા દિ. જૈન મુમુક્ષુ મંડળ
૧૩૮-૦૦	,,	,,	કુલચંદ હંસરાજ દોશી મોરબી
૧૩૮-૦૦	,,	,,	નવલચંદભાઈ જે. શાહ સોનગઢ
૧૩૮-૦૦	,,	,,	વીરચંદ જેઠાલાલ માલદ
૧૩૮-૦૦	,,	,,	ભગવાનજી કચરાભાઈ શાહ મોમ્બાસા
૧૩૮-૦૦	,,	,,	ધીરજલાલ કુલચંદ તંબોળી ભાવનગર
૧૩૮-૦૦	,,	,,	રતીલાલ મોહનલાલ ઘીયા રાજકોટ
૧૩૮-૦૦	,,	,,	શીવલાલ વીરચંદ શાહ બોટાદ
૧૩૮-૦૦	,,	,,	અનિલકુમાર અતોપચંદ મુંબઈ
૧૩૮-૦૦	,,	,,	હસમુખલાલ રતીલાલ જેચંદ દોશી મુંબઈ
૧૩૮-૦૦	,,	,,	ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ રાજકોટ
૧૩૮-૦૦	૨×૬૯	શ્રી	ચંદુલાલ વિકમશી સંઘવી રાજકોટ
૧૩૮-૦૦	,,	,,	લાલચંદભાઈ લંડન
૧૩૮-૦૦	,,	,,	ઈન્દુમતીબેન રજનીકાંત
૧૩૮-૦૦	,,	,,	ચંદુલાલ મોહનલાલ મહેતા સુરેન્દ્રનગર
૧૩૮-૦૦	,,	,,	શ્રી જીજીબેન બેચરદાસ મોદી હસ્તે. મોહનલાલ બે. મોદી
૧૩૮-૦૦	,,	,,	વઢવાણ દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ
૧૩૮-૦૦	,,	,,	લાલચંદભાઈ જોડીયાવાળા હસ્તે અશોકભાઈ
૧૩૮-૦૦	,,	,,	ગોંડલ દિ. જૈન મુમુક્ષુ મંડળ
૧૩૮-૦૦	૨×૬૯	શ્રી	ચંદુલાલ શિવલાલ સંઘવી અમદાવાદ
૧૩૮-૦૦	,,	,,	સુરત દિ. જૈન મુમુક્ષુ મંડળ સુરત

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના વિવિધ દાન ખાતાઓ માટે દાતાઓ તરફથી જાહેર કરવામાં આવેલી દાનરાશિ:—

[પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશના પ્રભાવથી લોભ-કષાય ઘટાડીને ધર્મ-પ્રભાવના માટે દાન આપતાં દાતારોને પ્રોત્સાહિત કરવા તથા અન્ય સાધર્મીઓને પ્રેરણા હેતુએ પ્રગટ કરવામાં આવતી નામાવલિ:—]

૨૫૨-૦૦ શ્રી કેશવલાલ છગનલાલ શાહ આરતી
૧૦૨-૫૦ ,, ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા આરતી
૧૦૧-૦૦ ,, ચંપાબેન ખંધાર સોનગઢ
૧૦૧-૦૦ ,, તારાચંદ ઉઘરચંદ શાહ રખીયાલ
૧૫૧-૦૦ ,, અમૃતલાલ માણેકચંદ મહેતા રાજકોટ
૧૦૧-૦૦ ,, ગુલાબબેન હીંમતલાલ સુરેન્દ્રનગર
૨૬૫૬-૦૦ ગઢડાનિવાસી શ્રી ઓધવજી ગોસળીયા (મકનદાદા)નાં સ્મરણાર્થે તેમનાં પરિવાર તરફથી
૫૦૧-૦૦ શ્રી મકનદાદાની પાંચેય દીકરીઓ તરફથી
૧૦૨-૦૦ ,, વૃજલાલ બારા કલકત્તા
૨૦૧-૦૦ ,, પાર્વતીબેન જૈન ઈન્દૌર
૧૦૧-૦૦ ,, દિ. જૈન યાત્રા સંઘ કુલીજરા
૧૦૧-૦૦ ,, રમેશભાઈ વૃજલાલ શાહ જલગાંવ
૨ ૧-૦૦ ,, પ્ર. રમાબેન મોતીલાલ પારેખ સોનગઢ
૫૦૧-૦૦ ,, કામદાર બ્રધર્સ હ. રસિકભાઈ ભૂરાભાઈ
૫૦૧-૦૦ ,, પારસ ટ્રેડર્સ હ. ભૂરાભાઈ કામદાર સુરત
૨૫૧-૦૦ શ્રી રમણીકલાલ શીવલાલ દોશી તરફથી તેમના સુપુત્ર શ્રી ધીરેનનાં લગ્નપ્રસંગે
૧૦૨-૦૦ શ્રી હસુમતી જયંતિલાલ કોઠારી ઘાટકોપર
૧૦૧-૦૦ ,, નીલીમા મહેશકુમાર મહેતા વડોદરા
૨૫૧-૦૦ ,, જિજ્ઞાબેન દીપકભાઈ કામદાર
૫૫૫-૦૦ ,, ગુલાબચંદ્ર ભારમલ જામનગર

૨૫૨-૦૦ શ્રી કેશવલાલ છગનલાલ શાહ આરતી
૨૦૧-૦૦ શ્રી નટવરલાલ ચીમનલાલ મોદી સુરત
૧૦૧-૦૦ ,, ડૉ. દેવેન્દ્રભાઈ સુરેન્દ્રનગર
૧૦૧-૦૦ ,, વડીયા મુમુક્ષુ મંડળ
૨૫૧-૦૦ ,, વીણાબેન જગદીશભાઈ મોદી
૨૫૩-૦૦ ,, મધુકુમાર હરિલાલ શાહ
૧૦૧-૦૦ ,, હિંમતલાલ મગનલાલ શાહ હ. તારાબેન હિંમતલાલ
૧૦૧-૦૦ શ્રી નીલીમાબેન મહેશકુમાર મહેતા
૨૫૨-૫૦ ,, ધીરૂભાઈ ડેલીવાળા હ. ચેતનકુમાર
૧૨૭-૫૦ શ્રી વેણીલાલ મહેતા અંકલેશ્વરવાળા
૧૭૭-૫૦ ,, હરીલાલ દોશી લખતરવાળા
૧૨૭-૫૦ ,, હરગોવિન્દભાઈ ગોપાણી અમદાવાદ
૧૦૨-૫૦ ,, વિરાટભાઈ વોરા અમદાવાદ
૫૦૧-૦૦ કેટલાક બ્રહ્મચારીબેનો તરફથી ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ મહોત્સવ પ્રસંગે
૨૫૭-૫૦ શ્રી રસિકલાલ વીકમચંદ સંઘવી કલકત્તા
૨૧૨-૫૦ કેટલાક બ્રહ્મચારી બેનો
૧૫૨-૫૦ શ્રી શાન્તાબેન ગુલાબચંદ ટોલીયા સોનગઢ
૧૨૭-૫૦ ,, ચાંદમલજી શરદચંદ્ર જૈન ઉજ્જૈન
૧૦૨-૫૦ ,, નવલચંદ્ર જે. શાહ સોનગઢ
૧૦૨-૫૦ ,, કાન્તાબેન અનોપચંદ બારા સોનગઢ
૧૦૧-૦૦ ,, હુકમચંદ્ર જૈન આલોટ
૧૦૦૬-૦૦ ,, સ્વ. બીમચંદભાઈ ઝોબાળિયાની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે

વૈરાગ્ય સમાચાર :—

* શ્રી પુનમચંદ મલૂકચંદ ઝોબાળિયા (વર્ષ ૫૮)નું તા. ૧૧–૧૧–૮૨ના રોજ હાર્ટફેલ થવાથી મુંબઈમાં દેહાવસાન થયું છે. તેમને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ તથા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અડગ શ્રદ્ધા અને ભક્તિભાવ હતો. તેઓ અવારનવાર પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન તેમજ અમૃતવાણીનો લાભ લેવા માટે સોનગઢ આવતા હતા. તેમના પિતાશ્રીની માફક તેમને પણ, પૂજ્ય ગુરુદેવના પવિત્ર ધામમાં—તીર્થધામ સુવર્ણપુરીમાં—આધ્યાત્મિક લાભ લેવા આવનાર મુમુક્ષુ મહેમાનોની આગતા-સ્વાગતા તેમ જ સુખસગવડનો ભાવ રહેતો હતો; તેથી તેમણે, પોતાના પિતાશ્રીની પુણ્ય સ્મૃતિમાં, ' શ્રી કહાન દિગંબર જૈન ભોજનાલય ' ચાલુ કર્યું હતું, જે એક વર્ષથી બરાબર સુંદર રીતે મહેમાનોની સેવાનું કાર્ય કરી રહ્યું છે. ભોજનાલયની સંતોષપ્રદ સેવાનો લાભ લેનાર મુમુક્ષુ મહેમાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે કે—' શ્રી પ્રનમભાઈએ તેમના જીવનમાં આ એક ઉત્તમ યશસ્વી કાર્ય કર્યું છે. ' સ્વર્ગસ્થ આત્મા સદ્ધર્મ પ્રત્યે પ્રેમના પ્રતાપે શીઘ્ર આત્મશાન્તિ પામો—એ જ વૈરાગ્યાંજલિ.

* મુંબઈનિવાસી શ્રી માણેકલાલ હરીચંદ શહા (વર્ષ ૭૫ લગભગ) તા. ૨૯–૧૦–૮૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી મનહરલાલ નાગરદાસ ગાંધી (વર્ષ ૪૯) તા. ૧૧–૧૧–૭૨ના રોજ હૃદયરોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો એ જ ભાવના.

ગતાંકનો સુધારો :—

ગતાંકમાં પાના નં. ૨૮ માં ૧૬ મી લાઈનમાં ' બોટાદ નિવાસી છબીલભાઈ રતીલાલ વસાણી 'ને બદલે ' બોટાદ નિવાસી છબીલભાઈ રતીલાલ વસાણીની માતુશ્રી ' સુધારીને વાચવું.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દ્વિતીય વાર્ષિક સમાધિદિન નિમિત્તે રાખવામાં આવેલા પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા આવનાર મહેમાનોને સ્વામીવાત્સલ્ય ભોજન આપવા માટે કા. વ. ૭ ના એક ટંક માટેના રૂા. ૫૦૦૦/= શ્રી સમરતબેન ભીખાલાલ શાહ દહેગામવાળા તરફથી અને બીજા દિવસોના એક એક ટંક માટેના રૂા. ૨૦૦૦/= શ્રી નંદલાલભાઈ પ્રાગજીભાઈ મહેતા ઉમરાળાવાળા તરફથી અને રૂા. ૨૦૦૦/= શ્રી ચીમનલાલ કકલચંદ મોદી હસ્તે શ્રી જગદીશભાઈ મોદી મુંબઈવાળા તરફથી જાહેર કરવામાં આવેલ છે. *



આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* હે ભગવાન ! દીનતા પૂર્વક સમસ્ત સંસારમાં ભ્રમણ કરીને જેનો આત્મા થાકી ગયો છે એવો હું, મારી સર્વ શક્તિ લગાવીને, અત્યંત લોભથી આજ આપના શરણમાં આવ્યો છું. આપ જ મારું સર્વસ્વ છો. આપને પ્રાપ્ત કરીને વિવાદોથી મારે શું પ્રયોજન છે !

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, લઘુતત્ત્વસ્ફોટ, સ્તુતિ-૯, શ્લોક-૨૫)

* જેવી રીતે રત્ન-પરીક્ષક ઠગાવાના ભયથી પરીક્ષા કરીને રત્નને ગ્રહણ કરે છે, તેવી જ રીતે બુદ્ધિમાન જીવો પરીક્ષા કરીને ધર્મને પ્રયત્નથી ગ્રહણ કરે છે.

કુળ-પરંપરાથી ચાલ્યું આવતું દારિદ્ર તથા કુષ્ટ-રોગ આદિની માફક કુળ-પરંપરાથી ચાલ્યો આવતો અધર્મ પણ છોડવો જોઈએ.

(શ્રી નરેન્દ્રસેન આચાર્ય, સિદ્ધાંતસાર સંગ્રહ, અધ્યાય-૧, ગાથા ૧૬-૨૪)

* સંસાર, શરીર અને ભોગોથી જેનું મન વિરક્ત થયું છે તે જીવ આત્માને ધ્યાવતાં, તેની મહા વિસ્તૃત સંસારરૂપી વેલ છિન્નભિન્ન થઈ જાય છે.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૧, ગાથા-૬૨)

* જે ધર્માત્મા થઈને નિદાન કરે છે તે સમુદ્રમાં ગમન કરતી, અનેક રત્નોથી ભરેલી નાવને લોખંડને માટે તોડે છે તથા દોરાને માટે મણિમય હારને તોડે છે તથા રાખને માટે ગોસીર નામના દુર્લભ ચંદનને બાળે છે.

(શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૧૨-૨૩)

* વિનય જિનશાસનનું મૂળ છે. વિનયથી સંયમ, તપ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જે જીવ વિનયથી રહિત છે તેનો ધર્મ અને તપ વ્યર્થ છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર પૂર્વ-આવશ્યક અધિકાર, ગાથા-૧૪૦)

* ગુજરાતી આત્મધર્મના આજીવન સભ્યોની નોંધ *

૧૭૫૬ શ્રી રમણીકલાલ મનસુખલાલ ઘોળકીયા મુંબઈ
૧૭૫૭ ,, કનુભાઈ નાગરદાસ ભાયાણી મુંબઈ
૧૭૫૮ ,, દલીચંદ લહેરચંદ વસાણી સુરેન્દ્રનગર
૧૭૫૯ ,, મહેન્દ્રકુમાર જયંતિલાલ શેઠ સુરેન્દ્રનગર
૧૭૬૦ ,, હેમતકુમાર ડી. બોરડીયા ધ્રાંગધ્રા
૧૭૬૧ ,, લીલાબેન ધીરજલાલ બોરડીયા મુંબઈ
૧૭૬૨ ,, હસમુખલાલ જગજીવનદાસ શાહ સુરેન્દ્રનગર
૧૭૬૩ ,, રંજનબેન એ. દોશી સાવરકુંડલા
૧૭૬૪ ,, મનગલાલ કેશવલાલ ચોવટીયા જેતપુર
૧૭૬૫ ,, દલીચંદભાઈ દેવચંદભાઈ મહેતા રાજકોટ
૧૭૬૬ ,, સતીષચંદ જયંતિલાલ શાહ સુરેન્દ્રનગર
૧૭૬૭ ,, પ્રવિણચંદ જયંતિલાલ શાહ ,,
૧૭૬૮ ,, જયંતિલાલ મૂળજીભાઈ પરમાર રાજકોટ
૧૭૬૯ ,, મધુબેન શિવલાલ શાહ ભાવનગર
૧૭૭૦ ,, રાજેશકુમાર જયંતિલાલ શાહ સુરેન્દ્રનગર
૧૭૭૧ ,, ઠાકોરભાઈ જીતાભાઈ પટેલ વડોદરા
૧૭૭૨ ,, અનોપચંદ માધવજીભાઈ શાહ ભુજ
૧૭૭૩ ,, શારદાબેન જગજીવનદાસ સોનગઢ
૧૭૭૪ ,, જસ્મીના વિક્રમભાઈ શેઠ મુંબઈ
૧૭૭૫ ,, દોશી સોમચંદ ભાઈચંદ અમદાવાદ
૧૭૭૬ ,, પ્રવિણભાઈ કે. વોરા વડોદરા
૧૭૭૭ ,, મોહનલાલ બેચરદાસ મોદી મુંબઈ
૧૭૭૮ ,, ગોસલીયા દિનેશ કે. મુંબઈ
૧૭૭૯ ,, કૃપા સુધીરભાઈ શાહ મુંબઈ
૧૭૮૦ ,, જગદીશભાઈ વૃજલાલ બાવીશી જામનગર
૧૭૮૧ ,, મનુભાઈ છગનભાઈ શાહ સોજીત્રા

૧૭૮૨ શ્રી મથુરાદાસ બોડીદાસ જોરાવરનગર
૧૭૮૩ ,, સુરેન્દ્રભાઈ હરિલાલ મહેતા રાજકોટ
૧૭૮૪ ,, સુરેશભાઈ રસિકલાલ શાહ અમદાવાદ
૧૭૮૫ ,, સોમચંદ ચતુરદાસ શાહ છાણી
૧૭૮૬ ,, જનતા હાર્ડવેર સ્ટોર્સ અમદાવાદ
૧૭૮૭ ,, નરેન્દ્રકુમાર ભગવાનદાસ શાહ
૧૭૮૮ ,, શાહ નગીનદાસ શીવલાલ પાટનાકુવા
૧૭૮૯ ,, અમૃતલાલ ગોકળદાસ જૈન ઉમરાળા
૧૭૯૦ ,, સરોજબેન ધનકુલાલ મુંબઈ
૧૭૯૧ ,, ચંદનબેન હરીલાલ પુનાગર મુંબઈ
૧૭૯૨ ,, બચુભાઈ ભાણજીભાઈ રાજપુર
૧૭૯૩ ,, નરોત્તમદાસ એમ. શાહ ભાવનગર
૧૭૯૪ ,, અમૃતલાલ જેઠાલાલ શાહ જામનગર
૧૭૯૫ ,, ધનદોરીમલ સુમતિલાલ ગુની દાહોદ
૧૭૯૬ ,, જસુમતિ એમ. દેશાઈ ધોરાજી
૧૭૯૭ ,, સરોજબેન શાંતિલાલ જૈન સિકન્દ્રાબાદ
૧૭૯૮ ,, કમલભાઈ રતિલાલ બારા સંબલપુર
૧૭૯૯ ,, ચેતનકુમાર પ્રેમચંદભાઈ શાહ અમદાવાદ
૧૮૦૦ ,, નરોત્તમલાલ મનસુખલાલ ટોલીયા મુંબઈ
૧૮૦૧ ,, હરિશકુમાર એ. શાહ મદ્રાસ
૧૮૦૨ ,, હીરાલાલ બીખાલાલ શાહ મુંબઈ
૧૮૦૩ ,, દયારામ નાનજીભાઈ ગોહિલ વડોદરા
૧૮૦૪ ,, વિનોદભાઈ ધરમશીભાઈ ગાંધી વડોદરા
૧૮૦૫ ,, રમણિકલાલ નાનચંદ દોશી સુરેન્દ્રનગર
૧૮૦૬ ,, દિગંબર જૈન નવા મંદિર દાહોદ

[આજીવન ફી ૧૦૧=૦૦] [ક્રમશઃ]

તંત્રી : રામજીભાઈ માણેકચંદ દોશી
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ [વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦]